Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૧ : અંક ૨ ] અમદાવાદ : ૧૫-૧૧-૪૫ [ ક્રમાંક ૧૨૨

## વિ ષ ય – દ ર્શ ન

૧ अभिनन्दन–पंचकम् : पू. मु. म. श्री अभयसागरजी : ટાઇટલ પાનું ૨
૨ ખિમઋષિનું પારણું : શ્રી. ભોગીલાલ જ. સાંડેસરા : ૩૩
૩ ધને સાર્થવાહ : પૂ. મુ. મ. શ્રી. સિદ્ધિમુનિજી : ૩૫
૪ ખાંડના ઉપયોગ અંગે અગત્યનો ખુલાસો : પૂ. આ. મ. શ્રી. વિજયપદ્મસૂરિજી : ૪૧
૫ અહિંસાના સાઠ પર્યાયો : પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૪૨
૬ મૂર્તિપૂજાનો પ્રભાવ : પૂ. મુ. મ. શ્રી. ભદ્રંકરવિજયજી : ૪૫
૭ निर्भ्रान्त डिण्डिम : पू. मु. म श्री. वल्लभविजयजी : ૪૯
૮ તત્ત્વાર્થભાષ્યની સ્વોપજ્ઞતા : પૂ. મુ મ. શ્રી. ન્યાયવિજયજી : ૫૭
૯ જાલોર ચૈત્યપરિપાટીના સંપાદનમાં ભૂલો: પૂ. પં. મ. શ્રી. કલ્યાણવિજયજી : ૬૧
૧૦ વિ. સં. ૧૭૦૩ માં રાજહર્ષગણિવિરચિત
ચતુર્વિંશતિ જિન–સ્તવન : પૂ. મુ. મ. શ્રી. કાંતિસાગરજી : ૬૨
૧૧ તગાજાની દુર્ઘટના અંગે રાજ્યની જાહેરાત : ૬૪
નવી મદદ : વિનંતી : ટાઇટલ પાનું ૩

લવાજમ–વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક–ત્રણ આના

ACHARYA SRI KAILASSA[illegible] [illegible]I GYANMANDIR
SHREE MAHAVIR JAIN A[illegible] [illegible]ANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॥ अभिनन्दन-पंचकम् ॥

प्रणेता : पू. मु म. श्रीअभयसागरजी [ पू. मु. म. श्री धर्मसागरजी–शिष्य ]

प्राचीनस्थापत्यकलाप्रकाशै–रैतिह्ययाथार्थ्ययुतैश्च सद्भिः ।
प्रश्नोत्तरैश्चाखिलशास्त्रदोहैः, सत्यप्रकाशं विदधातु एतत् । ॥ १ ॥
अज्ञानविद्वेषिप्रनोदितानां–माक्षेपराजां प्रतिकारदक्षम् ।
भावातिमाहात्म्यगभीरलेखैः, सत्यप्रकाशं विदधातु एतत् ॥ २ ॥
जिनेश्वराणामतिभक्तिप्रह्वैः, विद्वज्जनैः प्राच्यनवीनरागैः ।
स्तोत्रैर्विबद्धैर्ललितार्थवद्भिः, सत्यप्रकाशं विदधातु एतत् ॥ ३ ॥
आनंदतोयाब्धिसुलब्धितो हि, चैतन्यलावण्यमापादयन्तम् ।
विद्यादिदर्शस्य विकासदक्षं, सत्यप्रकाशं विदधातु एतत् ॥ ४ ॥
कालस्य दोषात् गतिमांद्यतायां, सत्यामपि श्रीगुरुणां प्रभावात् ।
धर्मप्रभावस्य सहाभिवृद्ध्या, एकादशेऽब्दे प्रगतिं करोतु ॥ ५ ॥

**ભાવાર્થ**—ઇતિહાસથી સત્ય સિદ્ધ થયેલા એવા પ્રાચીન સ્થાપત્ય કલા ઉપર પ્રકાશ પાડનારા લેખો વડે, સંપૂર્ણ શાસ્ત્રના દોહન સ્વરૂપ પ્રશ્નોત્તરોથી આ માસિક સત્યના પ્રકાશને કરો ! (૧)

અજ્ઞાન–તથા વિદ્વેષપૂર્ણ લોકોથી કરાયેલ વિશિષ્ટ આક્ષેપોનો અતિ ઉત્કૃષ્ટ ભાવવાળા ગંભીર લેખો વડે યોગ્ય પ્રતીકાર કરવામાં સમર્થ એવા સત્યના પ્રકાશને આ માસિક કરો !(૨)

અત્યંત ભક્તિથી નમ્ર બનેલા વિદ્વાનો વડે સુંદર અર્થવાલા, જૂના અને નવા રાગોમાં બનાવેલા તીર્થંકર ભગવંતોનાં સ્તોત્રો વડે આ માસિક સત્યના પ્રકાશને કરો ! (૩)

આનંદના સમુદ્રની સારી પ્રાપ્તિ વડે અર્થાત્–સહજ સાશ્વત નિરુપમ આત્મસુખ-જન્ય આનંદસાગરની પ્રાપ્તિથી–આત્માના વાસ્તવિક સ્વરૂપની નિર્મલતાને કરનાર અને જ્ઞાનનું આદિભૂત જે સમ્યગ્દર્શન તેનો વિકાસ કરવામાં નિપુણ એવા સત્યના પ્રકાશને આ માસિક કરો ! (૪)

( આ શ્લોકમાં સમિતિના સંસ્થાપક પાંચેય મુનિરાજોનાં નામ સૂચિત કરેલ છે. )

કાલના દોષથી અર્થાત પાંચમા આરાને લીધે, ધર્મના પ્રભાવની ગતિ મંદ થવા છતાં પણ સમર્થ સુવિદિત સૂરિપુંગવ આદિ સદ્ગુરુઓના પ્રતાપે ધર્મપ્રભાવની અભિવૃદ્ધિની સાથે આ માસિક અગિયારમા વર્ષમાં પ્રગતિ કરો !

તથા અહીં બીજો પણ એવો અર્થ થઈ શકે કે કાલના દોષથી અર્થાત સરકારી કંટ્રોલ, કામલની મોંઘવારી આદિ સમયના પ્રભાવથી આ માસિકની ગતિ મંદ પડવા છતાં શ્રી ગુરુદેવના પ્રભાવથી, અથવા શ્રીગુરુ–અર્થાત્ શ્રીમંતો ( શ્રી=લક્ષ્મીથી ગુરુ=મોટા ) ના ( આર્થિક સહાયતા રૂપ ) પ્રભાવથી આ માસિક ધર્મના પ્રભાવની વૃદ્ધિપૂર્વક અગિયારમા વર્ષમાં પ્રગતિ કરો ! (૫)

( આમાં મારા પૂજ્ય ગુરુદેવનું નામ સૂચિત કરેલ છે )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

जेशींगभाईनी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

| वर्ष ११ | વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૨ : ઈ. સ. ૧૯૪૫ | क्रमांक |
|---|---|---|
| अंक २ | કારતક શુદિ ૧૧ : શુક્રવાર : ૧૫ મી નવેમ્બર | १२२ |


## ખિમઋષિનું પારણું

સંપાદક:—શ્રીયુત ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ.

[ ૧૯ કડીનું આ નાનું પ્રાચીન કાવ્ય સદ્ગત પ્રવર્તક શ્રીકાન્તિવિજયજી મહારાજના સંગ્રહમાંના પ્રતિ નં. ૧૨૦૪૨ ના એક હસ્તલિખિત પાનામાંથી મળ્યું છે. લિપિ ઉપરથી પાનું આશરે ૨૫૦–૩૦૦ વર્ષ જેટલું જૂનું જણાય છે. તેની નકલ મને પૂ. મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ પાસેથી મળી હતી.

કાવ્યનો વિષય વિલક્ષણ છે. આ કાવ્યનો અજ્ઞાતનામા કર્તા ( કદાચ એનું નામ જ ખિમ ઋષિ કેમ ન હોય?) ખિમઋષિ ક્યારે પારણું કરે, તેને માટે કેટલીક અદ્ભુત અને અશક્યવત્ શરતો રજૂ કરે છે. આ શરતોને અભિગ્રહ કહી શકાય તેમ નથી, કારણ કે કાવ્યમાંથી મુખ્યત્વે વિનોદ, હાસ્ય અને ભોજનપ્રિયતાનો ધ્વનિ નીકળે છે. કર્તાએ કોઈ પ્રસંગે કેવળ નર્મ ખાતર જ આ કાવ્ય લખ્યું હોય એવી પણ કલ્પના થઈ શકે છે.

આ કાવ્યના સાચા અર્થસન્દર્ભ ઉપર કોઈ વિદ્વાન પ્રકાશ પાડશે એવી આશા સાથે તે બહાર પાડું છું. ]

કાંગ કોદ્રવ કુલથી જાણીઇ કરંબુ કઈર અતિ [વ] ષાણીઈ ।
કપૂરીયા કુઠવડી દેઈ તઉ ખિમિરસિ પારણુંઉં કરેઈ ॥ ૧ ॥

ષીર ખીચ નઈ ખાજા ખાંડ ખીચલડી વિહરાવઈ સાંડ ।
પંચ ખકારે ત્રેસઠિ દીસ તઉ ષિમરિસિ પારણુઉ જગીસ ॥ ૨ ॥

ગુંદ અનઈ ગુલ ગુલવટ ગુણા ગુંદવડાની નહી તિંહા મણા ।
પંચ ગકારે પઇસઠિ દીસ તઉ ષિમરિસિ પારણુઉ જગીસ ॥ ૩ ॥

ઘિસિ ઘેવર નઈ ઘૃત વષાણિ ઘૂઘરડી અથ ઘારડજાણિ ।
પંચ ઘકારે પંચહુત્તરિ દીસ. ॥ તઉ ષિમ૦ ॥ ૪ ॥

ચીહલ નઇ ચારૂલી ચિણા ચૂરિમઉ નઈ વલી ચઉલા ઘણા ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચ ચકારે ચઉપન દીસ. ॥ તુઉષિમ૦ ॥ ૫ ॥

પોલીપૂરણુ પૂડા પવર પલેહ નઇ વલી પાપડ અવર ।
પંચ પકારે પંચાસે દીસ. ॥ તઉ ષિમ૦ ॥ ૬ ॥

તૂર તૂયરિ તિલવટ તેલ ફાસૂ તિલની મિલસ્યઈ એલ ।
પંચ તકારે ત્રેપન દીસ. ॥ તઉ ષિમ૦ ॥ ૭ ॥

પંચ દકારે અભિગ્રહ સોઇ દૂધ દહી દહીથરા જોઇ ।
દાલિ દાલીયા જુકો દેઈ. ॥ તઉ ષિમ૦ ॥ ૮ ॥

બાજરીઉ બાટી બાકુલા અભિગ્રહ કારિણિ અતિ આકુલા ।
બાટ અનઈ બાઉલીયા દેઇ. ॥ તઉ ષિમ૦ ॥ ૯ ॥

માંડા મોદક મગ મઉઠહ દિંત્તિ માંડી અથ મુરકી જુ હુતિ ।
પંચ મકારે પંચાસે દીસ. ॥ તઉ ષિમ૦ ॥ ૧૦ ॥

લાડૂ લહિંગટ નઇ લાપસી લાટતણી ધાણી હુઈ કીસી ।
લૂણુ લીંબૂયા જઉ કો દઈ. ॥ તઉ ષિમ૦ ॥ ૧૧ ॥

વડા વડા વરસોલા લહૂ વાલ વેઢમી તે વલી કહૂં ।
ભાવ સહિત સુજનઈ કો દેઈ. ॥ તઉ ષિમ૦ ॥ ૧૨ ॥

સાંકુલી નઈ સૂંહાલી સેવ સૂંદરઉં સાકૂં મિલસ્યઇ હેવ ।
પંચ સકારે સત્તાણું દીસ. ॥ તઉ ષિમ૦ ॥ ૧૩ ॥

સાસૂ પરભવી દ્વિજવહૂ પીહરિજા બહુક્ષા બહૂ ।
ઘી ગુલ મિશ્રિત મંડક દેઈ. ॥ તઉ ષિમ૦ ॥ ૧૪ ॥

રાજભ્રષ્ટ કુંયર કાન્હડઉ કેસે ગલતે ઘોડઈ ચડિઉ ।
કુંત અગ્નિ માંડા ઈકવીસ. ॥ તઉ ષિમ૦ ॥ ૧૫ ॥

પટહસ્તિ સિંઘલહ તણુઉ મદભિંભલ પાડઈ ગઢ ઘણુઉ ।
સૂંડિ કરી પંચ મોદક દેઈ. ॥ તઉ ષિમ૦ ॥ ૧૬ ॥

નવપ્રસૂત વાઘણિ વિકરાલ નયર બાહિર બીહાવય બાલ ।
વીસ વડા જઇ પ્રણમીઈ દેઇ. ॥ તઉ ષિમ૦ ॥ ૧૭ ॥

કાલઉ કાંબ ધવલઉ સંડ નાકઇ ત્રુટઇ પુંછઇ બંડ ।
સીંગ કરી ગુલભિલ્લી દેઈ. ॥ તઉ ષિમ૦ ॥ ૧૮ ॥

બાલક થિઉ આણું લેઇ માંકડ હાથિ કરી ઘોલેઇ ।
તાસુ તણુઉ રસ કાઢી દેઈ. ॥ તઉ ષિમ૦ ॥ ૧૯ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આદિદેવના તેર ભવમાંનો પહેલો ભવ

# ધન સાર્થવાહ

લેખકઃ—પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સિદ્ધમુનિજી

[ ક્રમાંક ૧૧૭ થી શરૂ : ગતાંકથી ચાલુ : આ અંકે પૂર્ણ ]

## [ ૪ ] ધર્મઘોષની ધર્મદેશના (ચાલુ)

'દાન', 'સમર્પણ', ઇત્યાદિ
કેવા ગમતા મોહક એ શબ્દો
સારીય સૃષ્ટિને.
અવસરે વારિ વરસતા
મેહુલાના મ્હોં પર મોહે
મહીના માનવીઓનાં મનમયૂરો.
ઉલ્લાસને પામતી ઔષધિઓ
ઔષધપતિએ કરથી અર્પેલાં
અમૃતને પામીને.
વિષયના વિલાસીઓ
હૈયાના ઉમળકાથી વધાવતા
વિલાસિનીનાં વદનાદિદાનને.
નારીઓ નયનોથી નિરખતી
નરના કરમાં વસતાં અમૃત.
ગુણગાન કરતી આવે કોયલ
આંબલિયાની ડાળે
મંજરીના દાન પર મોહીને.
પ્રશંસે પરિચય વિનાનાય પાંથો
ફળ દેવાને નમ્ર બનતા
અને શિતળ છાયાને સમર્પતા
સફળ સુવિસ્તૃત તરુઓને.
પૂજાતા રાજમહેલોમાં
મોટા મોટા પૃથ્વીરાજોથી
દાન ઝરંતા મત્ત મતંગજો.
હોય 'ન'નાં સ્થાન વર્ગની છેવટમાં,
'દ'નાં હોય વર્ગની મધ્યમાં
'જોઈએ'ના મ્હોં કરતાં
લાખોગણી માનવમહત્તા
'લ્યો'ના મ્હોમાં મ્હાલતી.
બિરુદાવલી બોલતાં દાનની
દેવો, માનવો અને તિર્યંચોય.

લેનારાના હાથની ઉપર હોય
સદાય દાતારોનો હાથ.
'મળવું' સૌને સ્પૃહણીય છતાં ય
દાનની સુંદરતા ને મહત્તા તો
ત્યારે જ બને અમાપ,
આવીને વાસો વસે
દાનના હૈયામાં જ્યારે
ઉત્તરોત્તર ઔચિત્યાદિ સદ્ભાવો.
ઉગાડે ને ઉછેરે
ફુલાવે ને ફળાવે
વિષયનાં વિષારી વૃક્ષ
કામરાગનાં સમર્પણસિંચન
પાપના પર્વતોમાંથી
વ્હેવરાવે મમતાની સરિતાઓ
સ્નેહરાગની તે દાનવર્ષા.
મિથ્યાભિનિવેશના મહાસાગરમાંથી
ઉછાળે મિથ્યાત્વનાં મોજાંઓ
દૃષ્ટિરાગના દાનનાં વાવાઝોડાં,
કામરાગાદિથી રંગાયલાં
ઘણાં ઘેરાંય દાન,
નિર્દયતાના રક્તથી રંગાયલા
સંસારને જ વધુ રંગે.
દુરાશંસાથી દેવાયલાં દાન
દુઃખોને જ સમર્પતાં.
અધુરાં ને અવળચંડાં જ હોય
આશંસાથી દેવાયલાં દાન.
નથી હોતાં એ સર્વમાં
સચ્ચિત્તનાં અનાહત બીજ.
ઔચિત્ય ને અનુકમ્પાના
મૈત્રી ને પ્રીતિભક્તિના
અતીવ સુસુંદર ભાવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંકુરિત કરતાદાન ધર્મને.
ઉત્તરોત્તર વધુ ને વધુ
અનુબન્ધને અર્પતા એ ભાવો
આત્મશુદ્ધિના મહામોલ ફળાવે
વિદ્યા અભય ને ધર્મોપગ્રહના
સુક્ષેત્રીય દાનના ખેડાણુમાં.

× × ×

ઓ! પુરુષાર્થવાદી ખેડૂત!
બધાંય ખેડાણુ વ્યર્થ હોય
નવ શુભાશયની ચિત્તભૂમિમાં
પ્રકાશનાં કિરણો પહોંચ્યા વિના.
એ કિરણોને ઝીલનારો
અને ઝીલીને જિરવનારો
વખાણ્યો ત્યાં સુવિનીતભાવ;
અને પૂજાયા આ પૃથિવીમાં
એ કિરણોને અર્પનારા
પૂજ્ય પરમપૂજ્ય મહાપુરુષો.
પ્રધાન મનાયાં સર્વ દાનોમાં
વિનીતોને સદ્‌વિદ્યાનાં દાન.
વણશિખવ્યાંય આવડે
અર્થ ને કામની વિદ્યાઓ'
અનાદિના સતત અભ્યાસથી.
ધસડી જાય છે પ્રાયઃ
અર્થ કામની વિદ્યાનાં દાન
જન્મ જરા ને મૃત્યુમાં જીવનને.
પૂર્ણતયા કરાવે પોતાની પીછાન
શુદ્ધિને સાધી અમરતાને અર્પે
ઉપજાવતી એવાં સુપરિણામ
હિતાહિત વિવેકની એ સદ્વિદ્યા જ.
શું શું નથી મેળવતો
સદ્વિદ્યાનો મેળવનારો?
શું શું નથી સમર્પતો
સદ્વિદ્યાનો સમર્પનારો?

× × ×

મહિમાવંતાં છે જ્ઞાનનાં દાન
પણ અવલંબતાં એ
ચારે પુરુષાર્થના અવલંબનભૂત
જીવના જીવનના અસ્તિત્વને.
મરણાદિથી ભયભીતોને
ભય રહિત કરવાનાં દાન
મનાયાં અતિ મહાન
દયા ને અહિંસામૂલક
આત્મના આખાય ઉન્નતિક્રમમાં.
ઊગીને વૃદ્ધિને પામે
ફૂલીને ફલવતી થાય
અભયદાનની એ વેલડી
મૈત્રીની ભાવનાભૂમિમાં;
અને એ શણગારે
પોતાની ભાવનાજનેતાને.
સ્વયં સુંદર રીતે જીવીને
જીવવા દેવું ને જીવાડવું
મનાયો એ મહાધર્મ
મહાપુરુષોના સદાખ્યાનોમાં
પ્રત્યેક જીવતા જીવને
નથી જેવો તેવો ભય
મૃત્યુના મહાભોરીંગનો.
એના ફુંફાડાના ભણકારથીય
કંપી ઊઠે કીડાઓય
દેવેન્દ્ર ઈત્યાદિની જેમ.
સામ્રાજ્ય ને સુરઋદ્ધિથી ય
નમતું મનાય જીવોને
નિજના જીવનનું પલ્લું.
પાણીમાંના પોરાઓને
અને પાણીના પોતાના જીવોનેય
જ્યાદા છે જીવનની કિમ્મત
ચક્રવર્તીના કરતાંય.
અણગમતા લાગે ભાવો
મૃત્યુના દુઃખના ને સંક્લેશના
સર્વ જીવોને સરખા જ.
પુણ્યપુરુષોની પ્રજ્ઞાપનાથી
જીવત્વને જાણુતા
અને ભયના ભાવોને નિવારતા
અભયના દાતાઓ
સર્જાવે સદાનું સંપૂર્ણતયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના આત્મામાં જ અભય.
અભયદાનના સૂરજને
આત્મના આભે આવિર્ભાવવા
વિખેરવાં પડે ને
વેગળાં રાખવાં પડે
વિષય કષાયાદિ
વિધવિધ પ્રમાદનાં વાદળાંઓ.
એ જીવનદાનના પ્રકાશથી
અનુભવાય આત્મામાં
એકતા ને સમતા
વ્યાપકતા—અવ્યાપકતાના વિવેકે
સામાન્ય વિશેષ ભાવથી;
અને એ ઉમદા અનુભવ,
આત્મશુદ્ધિના પુરુષાર્થને—
પુનિત પ્રેરણાનાં પાન કરાવી
ને નિશ્ચયના ભાવને પોષી,
સર્જાવે મહાકલ્યાણ
શીઘ્ર અતિશીઘ્ર સમયે.
શુભાનુબંધી ને શુદ્ધાનુબંધી
એ મહાદાન સમર્પે જીવને
જન્માંતરના વિષે
દીર્ઘાયુ રૂપ લાવણ્યાદિ
કાન્તિ બલ આરોગ્યાદિ
મોંઘેરા માનવભવનાં
અને ભાવિભદ્ર દેવતાના ભવનાં.
ઉપરાંત સુશાતાને ઉપજાવી એ
સમાધિ સધાવે અંતે
આધ્યાત્મિક શુદ્ધ સાધનાથી.
સંસારના જીવોને અર્પેલાં
આ ભવ્ય અભયદાન
ભાવદયાની સુવિશાલ ભાવનાથી
એ દાનના દેનારાને
સમર્પી દે અંતે અભયપદ.
મહા પ્રભાવ છે
મહાવીરના અભયદાનનો !

× × ×

એ અભયદાનના કરતાંય
વધુ પ્રભાવી ને વધુ અનુગ્રાહક
ધર્મોપગ્રહનાં સત્પાત્રદાન.
દાયકાદિ પંચક શુદ્ધિથી
સામાન્ય વિશેષ ને સુવિશેષ—
ધર્મની અનુકૂલતાઓ અર્પતા
સત્કારે અતીવ અતીવ
એ સામાન્યાદિ ધર્મને.
મહાશયોનો એ ઉદાર સત્કાર
સંસાર સાગરના સુતીર્થને
વહેતું ને સુપ્રસિદ્ધ રાખે.
આત્માર્થની ઉપાદેય બુદ્ધિનું
મુખ્ય અને પ્રાથમિક સલ્લક્ષણ
ગુણવંતોના પ્રતિનો એ સત્કાર
બળવતી બનાવે
આત્માર્થની એ બુદ્ધિને.
જ્ઞાનથી અને ભાવશ્રદ્ધાનથી
તત્ત્વના સમ્યગ્દ્રષ્ટાઓ,
સ્થૂલ રીતે પાપની પ્રવૃત્તિથી
સશ્રદ્ધાન વિરમનારાઓ,
આત્માર્થે સર્વથા સમુત્થિત
મોક્ષમાર્ગના પ્રસાધક સાધકો,
ધર્મોપગ્રહદાનનાં
પ્રીતિભક્તિને પાત્ર એ સુપાત્રો.
મનાયાં એ સુપાત્રત્રિક
ઉત્તરોત્તર વધુ ને વધુ
આત્માર્થનાં જનક ને પોષક.
એ છે યથાક્રમે
જઘન્ય મધ્યમ ને ઉત્તમ.
શ્રદ્ધા ને નિરાશંસાથી
ઉદારતાના ખંતીલા ખેડૂતે
સર્વ શ્રેષ્ઠ સંયમની ભૂમિમાં
યથાવસરે વાવેલાં
ઉમદા અન્નાદિનાં બીજ
નિષ્ફળ નથી જતાં કયારેય.
અતીવ દુર્લભ હોય
સુપાત્રદાનના પ્રસંગો
દેવાં વળી તેથી ય દુર્લભ.

For Private And Personal Use Only

મળે કે ન ય મળે જીવને
ઉત્તમ સત્પાત્રની પ્રાપ્તિ
અને એ સત્પાત્રમાં સમર્પણ
આ પરિભ્રમણશીલ સંસારમાં.
ક્યાંથી મળે એ
મહાનુભાવ સત્પાત્ર સાધકો ?
ઓળખ થવીય અશક્ય
આ છળના સંસારમાં એમની.
હોય એ સત્પાત્રો
પાપના વ્યાપારોથી વિરમેલાં
અને મમતાથી મુકાયલાં.
પાળે એ પ્રવચન માતાને
અને ધારે સર્વ શીલાંગોને.
હોય છે તેઓ
શાન્ત દાન્ત અને સુધીર.
નથી હોતાં ગારવ એ ગંભીરોને.
સમભાવી ને રત્નત્રયધારી
એ વિશુદ્ધ બ્રહ્મચારીઓ
આચરતા સદાય
યથાશક્ય તપજપને.
શુભ ધ્યાનના ધ્યાતાઓ એ
હોય સર્વથા નિર્ગ્રંથ.
સુશીલ અને સંયમી એઓ
આત્મમાં વર્તતો હોય
સદોપયોગે ને સદુપયોગે.
આવાં સત્પાત્રોમાં સમર્પેલાં
સદ્ધર્મનાં ઉપયોગી
અન્નાદિ ને ઉપકરણાદિ,
યોજક પ્રયોજક બને
શીલની આદિ ને સમૃદ્ધિનાં.
આત્માના ઉત્કર્ષનો
પ્રારંભ થતો જીવને પ્રાયઃ
આ મહિમાવંત સુપાત્રદાનથી જ.
જયવંતો વર્તો
સદાય સૃષ્ટિમાં
સુપાત્રદાનનો એ સદ્ધર્મ.

× × ×

સ્વભાવે સુંદર છતાં
ચારિત્રાવરણાદિની મલિનતાથી
અસુંદર બનેલા આત્માને
ઉત્તરોત્તર સુંદર બનાવે
સદાચાર સમાચાર ને શુદ્ધાચાર.
યથાયોગ્ય સદાચારાદિ શીલથી
યશસ્વી ને પૂજનીય બનતા
જાત્યાદિ ગુણવિહીનોય.
આ દુર્જનબહુલી દુનિયામાં
સામાન્ય સદાચાર
એ હોય માનવની માનવતા.
ડરતો રહે લોકાપવાદથી
સદાચારને ચ્હાતો માનવ.
હોય એને અતીવ આદર
દીન હીનોના ઉદ્ધારમાં.
વસેલાં હોય એના હૈયામાં
કૃતજ્ઞતા ને સુદાક્ષિણ્ય.
આચરતો એ
ધર્માદિ અવિરુદ્ધ કુલાચારને.
તજે એ સર્વત્ર નિન્દા
અને વદે સાધુઓનો યશોવાદ.
હોય એ મહાનુભાવ
સંકટમાં સર્વથા અદીન
અને એ રીતે જ સંપદામાં નમ્ર.
બોલતો એ પ્રસ્તાવે
અલ્પ ને સંવાદી વચન.
ન ચુકે પ્રાણ જાતાં ય એ
કરેલા પ્રતિજ્ઞાનાં પાલન.
ન કરે એ કદી ય જીવનમાં
ખાલી ખોટા ખરચા.
આદરે યથાશક્તિ એ
સદા ય સન્માર્ગમાં ધનવ્યય.
વિશેષ ફલદાયી કાર્યમાં
રાખે સદાય સદાગ્રહ
સદાચારનો એ સમાસેવક.
પરિહરે એ મદ્યાદિ પ્રમાદને.
હોય એના આચરણમાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય લોકાચારનું અનુસરણુ
અને સર્વત્ર ઔચિત્યનું પાલન.
પ્રાણુત્યાગના સંકટમાંય
હોય એ મહાનુભાવને
નિન્દિત કાર્યમાં અપ્રવૃત્તિ
અને અનિન્દિત કાર્યમાં પ્રવૃત્તિ.
માર્ગાનુસારી સત્પુરુષોનાં
એ સદાચારમૂળ
સુદૃઢ ને સફળ બનાવે
શ્રાદ્ધ સાધુ સમાચારના
સચ્છાયી શીલવૃક્ષને.
પુદ્‌ગલના બધાય ભાવોને
ઇન્દ્રજાલાદિ જેવા માનતા,
વિષયાદિની તૃષ્ણાઓને
આકાશ શી અનંત સમજતા
અને એની ભયંકરતાને
ફણીધરની ફેણુશી ગણુતા,
વળી અતિ ચપળ લક્ષ્મીને
અલક્ષ્મીની સહિયર લેખતા
સદાચારને આચરનારા એ
આસ્વાદે સાફલ્યનો સુખાસ્વાદ.

× × ×

સદાચારના સંસેવનથી
સમુત્પન્ન થતી
મહામહિમાભરી સદ્‌ગૃહસ્થતા.
મિથ્યા મોહના પરિત્યાગથી
શુશ્રૂષાદિ ગુણુવંતી
અને શમાદિ લક્ષણુ શ્રદ્ધાવંતી
અતીવ શોભતી એ સદ્‌ગૃહસ્થતા.
ઉગ્ર કષાયોદયથી હીન
એ સદ્‌ગૃહસ્થતામાં હોય
ધર્મના ભાથાની અર્થિતા.
એમાં જીવતા સદ્‌ગૃહસ્થો
અમુકાંશે હોય
ચારિત્રમોહના ઘાતક.
નિત્યનાં સત્કૃત્યોમાં પરાયણુ
અને યતિધર્મના અનુરાગી
એ મહાત્મા સદ્‌ગૃહસ્થોને
ઓઘથી અને અનવરત સેવાથી
દેશે કરી ભાવશીલતા હોય.
ઓઘથી ભાવાચાર
દ્વાદશ પ્રકારે હોય
દેશવિરતિધારક સદ્‌ગૃસ્થોને.
સમાચરે શ્રાદ્ધો દેશે કરી
હિંસા જૂઠ ને ચોરી
તથા અબ્રહ્મ ને પરિગ્રહ
એ પંચથી વિરમવાના વ્રતને.
દિશા અને ભોગોપભોગ
તથા અનર્થક ઉપજાવેલો દંડ,
એ ત્રણેના વિરમણુથી
વ્રતને ગુણુ કરતાં
સમાચરે તેઓ ગુણુવ્રત.
સામાયિક ને દેશાવકાશિક
પૌષધ ને અતિથિસંવિભાગ,
એ ચાર હોય છે
શિક્ષાનાં વ્રત એમને.
સમાચરે પ્રશસ્ત જ્ઞાનતપાદિ-
અનવરત સેવાશીલતા
એ દેશવિરતિઓ ભાવથી.

× × ×

સદ્‌ભાવે સર્વથા શીલવંતા
હોય આ સૃષ્ટિમાં
મહાવ્રતોના ધારક મુનિઓ જ.
સર્વથા વિરમે છે એઓ
મન વચન કાયાએ કરી
હિંસાદિ સાવદ્ય વ્યાપારોથી
હોય છે એઓનાં હૈયાં
સ્વભાવથી અલ્પકષાયી
ને ભવસૌખ્યનાં ખાસ વિરાગી.
વિનયાદિ ગુણોના ભંડાર
એ મહાત્મા મુનિઓ
માનતા મોક્ષ જ જીવનનું લક્ષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને મથતા સામર્થ્યયોગને મેળવવા.
ક્વચિત્ પ્રમાદથી વિકલ છતાંય
ઇચ્છતા અતીવ શાસ્ત્રાનુસારિતાને,
અને જ્ઞાનના વૃક્ષને ફળવાન બનાવવા
હૈયામાં અતીવ હોંશ રાખતા
એ સુવિહિત સાધુઓ
આચરતા બધાંય અનુષ્ઠાનોને
બહુધા આગમાનુસારે.
એમની વ્યવહારનદીઓ
નિશ્ચયની શુદ્ધતાના સહચારથી
શુદ્ધતામાં પરિણમતી,
અંતે જઈને ભળતી એ
આત્માની શુદ્ધ પરિણતિના
મહામીઠા ક્ષીરસાગરમાં;
અને સર્જાવતી એ છેવટે
મોક્ષનાં મહાસ્વાદી સુખો
બાહ્ય આભ્યંતર તપે સર્જાવેલી
મહાનિર્જરાના સહચારથી.

× × ×

મુક્તિ મેળવવાની મનઃકામનાએ
મધ્યસ્થ મહાનુભાવ મહાત્માઓ
ઔપચારિક યોગદૃષ્ટિથી,
અને વેદ્યસંવેદ્યપદી સમ્યગ્દૃષ્ટાઓ
વાસ્તવિક યોગદૃષ્ટિથી,
દુ નયાની દૃષ્ટિએ દેખાતા
વિધ વિધ પ્રકારો વડે
ચિત્તાધિકરણાશ્રય કાર્યરૂપ–
તનને તપાવે,
તે છે વ્યવહારથી તપોધર્મ.
નિરાહાર ને ન્યૂનાહારોદરતા
વૃત્તિનો સંક્ષેપ ને રસત્યાગ
કાયાનો ક્લેશ ને અંગાદિસંલીનતા
એ બાહ્યથી તનને તપવાના
પાડ્યા છે પંડિતોએ ષટ્ પ્રકાર.
આ બાહ્ય તપસ્વીઓનાં
પુણ્યના ઉપચયવંતા
અને કર્મક્ષયથી નિર્મળ
એવાં વિશિષ્ટ સચ્ચિત્ત,
તે છે નિશ્ચયથી તપોધર્મ.
પોષણ કરે આ બાહ્ય તપોધર્મ
શીલાદિ ધર્મને
અને આભ્યંતર તપોધર્મને.
સમર્પે એ વધુ લાઘવ
કર્મથી હળવા થયેલા આત્માને.
પ્રાયશ્ચિત્ત વિનય ને વૈયાવચ્ચ
સ્વાધ્યાય ધ્યાન ને ઉત્સર્ગ
એ છે ષટ્ આભ્યંતર તપોધર્મ.
બાહ્ય તપોધર્મની જેમ,
એ આભ્યંતર તપોધર્મેય
કારણ ને કાર્યના ભાવે
ક્રિયા ને ચિત્તરૂપ બનતાં
મપાય છે મહાપ્રામાણિકોથી
વ્યવહાર ને નિશ્ચયના ઉભય નયથી.
અતીવ સુંદર કહ્યાં તનનાં તપવાં.

અક્ષય મનાતાં કર્મોનો ય
ક્ષય કરી નાખે એ.
બ્રહ્મચર્યનાં પોષક બને એ
ઇન્દ્રિયોના અશ્વોને દમીને.
જ્ઞાનને પાચન કરવામાં
એ છે આત્મની મહાજઠરાગ્નિ.
સ્થિરતા પમાડે એ
અતિ ચપળ એવા મનમર્કટને.
અમોલ મહાનિધિરૂપ એ
અપ્રતિપાતી આદિ સદ્ગુણોના.
છતાં સંસારના લાભો મેળવવા
કરાયલાં કે વેચાયલાં
અતિદૂષિત એ તપો
વધારતાં કેવલ સંસારના તાપને જ.
કષાયોથી કરાયલી લાંઘણો
અને શાસ્ત્રોનાં પઠનાદિ
સંસારના ચક્રે ચડાવી
ભમાવે જીવને નરકાદિ ગતિઓમાં.
ડુબાવી દેતાં જીવને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિર્યંચોની યોનિમાં ને સ્ત્રીવેદમાં
માયા પ્રપંચોના ભારથી મઢેલાં તપ.
અકામ નિર્જરાના અલ્પ ફળને
આપી ન આપી
નિષ્ફળ જતાં પ્રાયઃ
અજ્ઞાનીનાં ને આશંસીનાં તપ.
ઝાડની જ્યમ ઊભાં સુકાવું ય
નથી કામ લાગતું અજ્ઞાનીનું.
દેવતા ય મારમ આપે
એવાં અતીવ આકરાંય તપ
અજ્ઞાનના વિષથી સિંચાયલાં છતાં
અર્થને બદલે
ફળાવે કેવળ અનર્થને જ.
ઊંડા શલ્યથી વીંધાયલાં તપ
આરામને નથી આપતાં કયારે ય.
પૂર્ણ સફળતાને પામે એ
પુણ્ય પુરુષોના વચનાનુસારે જ.
સદ્જ્ઞાનનાં સહચારી જ એ
ક્ષય કરતાં કર્મોની રાશિને,
અજ્ઞાનીના ગમે તે ધર્મો કરતાં
ક્રોડો ગણી શીઘ્રતાથી;
અને ઉજળા ધ્યાને આત્માને
અતીવ અતીવ હળવો કરી,
બનાવે મુક્તયોગી યોગીશ્વર
સદ્ભાવના સંચાલનથી એ.

દાનમાં શીલમાં ને તપમાં
કાર્યશક્તિને પોષે
ભાવનાનો સૌશ્રેષ્ઠ ધર્મ.
જ્ઞાનાદિ રત્નત્રયમાં ભક્તિ.
ભક્તિકાર્યમાં સમાચારવૃત્તિ
સદાની શુભૈક ચિન્તા
અને ભવના ભાવોમાં જુગુપ્સા,
આ મહૌષધિઓથી અનુગ્રહિત
એ ભાવનાનો પારદ
દાનાદના તામ્રને વેધી
સમુત્પન્ન કરે
અષ્ટગુણ સમૃદ્ધિની
અને સંપૂર્ણ શુદ્ધિની
અવર્ણનીય સિદ્ધ સુવર્ણતા.
બનાવી દે જીવનમુક્ત
અને પરમમુક્ત એ જીવને
અંતર્મુહૂર્તના અલ્પ જ કાળમાં.
મોહની સાથેના મહાયુદ્ધમાં
સ્થાપવો જ પડે એ
ભાવનાનો સેનાધિપતિ.
ન ચાલે સુંદર રીતે
દાનાદિ સૈનિકોનાં સંચાલન
એ ભાવનાની વગર.
અપાર ને અનંત મહિમા છે
એ ભાવનાની ભવ્યતાનો.

× × ×

( સંપૂર્ણ )

## ખાંડના ઉપયોગ અંગે અગત્યનો ખુલાસો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના ૧૦મા વર્ષના ૧૨ મા અંક–ક્રમાંક ૧૨૦–ના ૨૯૧ મા પૃષ્ઠ ઉપર છપાયેલ 'પ્રવચન–પ્રશ્નમાલા' લેખના ૯૯ મા પ્રશ્નના ઉત્તર અંગે નીચે મુજબ ખુલાસો જાણવો—

શ્રાદ્ધવિધિ વગેરે ગ્રંથોમાં **'વર્ષાસુ'** એમ કહીને કાચી ખાંડ વગેરેનો નિષેધ કર્યો છે તે ઉપરથી કાર્તિક શુદિ ચૌદસ સુધીના વર્ષાકાલમાં કાચી ખાંડ નહીં વાપરવાનો વ્યવહાર છે.

પૂ. આ. વિજયપદ્મસૂરિજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસાના સાઠ પર્યાયો

( લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. )

અહિંસા એ જૈનત્વનો આત્મા છે, અને જૈનધર્મમાં એનું અગ્રગણ્ય સ્થાન છે. આથી તો જૈન આગમમાં અને ઇતર સાહિત્યમાં એનો પુષ્કળ વિચાર કરાયો છે. એ વિચારની એક ધારા તે પણ્હાવાગરણના 'સંવર'દ્વારના પ્રથમ સુત્ત (સૂત્ર)માં નિર્દેશાયેલા એના સાઠ પર્યાયો છે. એ પર્યાયો અકારાદિ ક્રમે અને પ્રથમાન્ત રૂપે હું અહીં રજૂ કરું છું અને સાથે સાથે એનાં સંસ્કૃત રૂપાન્તરો અને અર્થ સૂચવું છું:—

| પાઇય | સંસ્કૃત | અર્થ |
|---|---|---|
| **अणासवो** (૩૫) | **अनास्रवः** | આસ્રવનો અભાવ. કર્મના બંધને રોકવાનો ઉપાય અહિંસા છે, એથી એનું આ નામ છે. |
| **अप्पमातो** (૪૯) | **अप्रमादः** | પ્રમાદનો અભાવ–ત્યાગ. |
| **अस्सासो** (૫૦) | **आश्वासः** | આશ્વાસન. |
| **आयतणं** (૪૭) | **आयतनम्** | (ગુણોનું) નિવાસસ્થાન. |
| **उस्सओ** (૪૫) | **उच्छ्रयः** | ભાવોની ઉન્નતતા. |
| **कंती** (૬) | **कान्तिः** | (મનોહર હોવાને લીધે શોભાનું કારણ હોવાથી) કાંતિ. |
| **कल्लाणं** (૨૯) | **कल्याणम्** | (કલ્યાણ અર્થાત્ મોક્ષ મેળવી આપનાર હોવાથી) 'કલ્યાણ'. કલ્ય એટલે આરોગ્ય. એ મેળવી આપે તે કલ્યાણ (જ્ઞા.)[1] |
| **कित्ती** (૫) | **कीर्तिः** | (ખ્યાતિનું કારણ હોવાથી) કીર્તિ. |
| **केवलीण ठाणं** (૩૬) | **केवलिनां स्थानम्** | સર્વજ્ઞનું સ્થાન; સર્વજ્ઞ અહિંસામાં વ્યવસ્થિત હોય છે (અ)[2], સર્વજ્ઞને અહિંસા જ હોય છે, કેમકે એઓ એમાં વ્યવસ્થિત છે અને યોગનો નિરોધ છે. નહિ તો **जावं च णं आरंभे समारंभे वट्टइ** ઇત્યાદિ સૂત્ર સાથે વિરોધ આવે. આ સંબંધમાં ઘણું કહેવા જેવું છે, પણ અહીં એ કહ્યું નથી. (જ્ઞા.) |
| **खंती** (૧૩) | **क्षान्तिः** | ક્ષાન્તિ, ક્ષમા, ક્રોધનો નિગ્રહ. આ કાર્ય અહિંસા કરે છે એથી એનું આ નામ છે (અ.). ક્ષાન્તિ વડે અહિંસા ઉત્પન્ન થાય છે માટે એનું નામ 'ક્ષાન્તિ' (જ્ઞા.) |

૧ જ્ઞાનવિમલસૂરિનો અભિપ્રાય. ૨ અભયદેવસૂરિનો અભિપ્રાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| **गुत्ती (४३)** | **गुप्तिः** | અશુભ પ્રવૃત્તિઓનો નિરોધ. |
| **चोक्खा[1] (५४)** | **चोक्षा** | ચોખ્ખી ( ચોખ્ખાઈ ). |
| **जतणं (४८)** | **यजनम्, यतनम्** | (૧) અભયદાન.<br>(૨) પ્રાણીઓનું રક્ષણ. |
| **जन्नो (४६)** | **यज्ञः** | દેવોની ભાવપૂજા. |
| **ठिती (२२)** | **स्थितिः** | સ્થિતિ; સાદિ અનંત એવી મુક્તિની સ્થિતિના કારણરૂપ અહિંસા છે. |
| **त्तिती (१०)** | **तृप्तिः** | સંતોષ. |
| **दया (११)** | **दया** | દયા, પ્રાણીઓની રક્ષા. |
| **धिती (१८)** | **धृतिः** | ચિત્તની દૃઢતા. |
| **नंदा (२४)** | **नन्दा** | સમૃદ્ધ બનાવે તે.<br>પોતાને અથવા અન્યને રાજી કરે તે નંદા (જ્ઞા.) |
| **निम्मलतरा** | **निर्मलकरा; निर्मलतरा** | (૧) નિર્મલકરા, જીવને નિર્મળ કરનાર–કર્મરહિત બનાવનાર.<br>(૨) નિર્મલતરા અતિશય નિર્મળ. |
| **निव्वाणं (१)** | **निर्वाणम्** | નિર્વાણ, મોક્ષ. અહિંસા મોક્ષનો હેતુ છે. એથી એનું આ નામ છે. |
| **निव्वुई (२)** | **निर्वृत्तिः** | સ્વસ્થતા, દુર્ધ્યાનથી રહિત હોવાથી સ્વસ્થતા. |
| **पभासा (५९)** | **प्रभासा** | ઉત્તમ પ્રકાશ. |
| **पमोओ (३१)** | **प्रमोदः** | હર્ષ ઉત્પન્ન કરનારી હોવાથી પ્રમોદ. |
| **पवित्ता (५५)** | **पवित्रा** | (૧) પવિત્ર.<br>(૨) વજ્રની પેઠે રક્ષણ કરે તે પવિત્ર (જ્ઞા.) |
| **पुट्ठी (२३)** | **पुष्टिः** | પુણ્યની વૃદ્ધિ (અ). (૧) પુણ્યની વૃદ્ધિ કરતી હોવાથી પુષ્ટિ (જ્ઞા.).<br>(૨) પહેલાના પાપની હાનિની પુષ્ટિ (જ્ઞા.) |
| **पूया (५७)** | **पूता, पूजा** | (૧) પવિત્ર.<br>(૨) દેવોની ભાવપૂજા. |

૧ અભયદેવસૂરિ **चोक्खपवित्ता** એમ એક પર્યાય ગણે છે, નહિ કે બે. એમ ગણતાં ૫૯ પર્યાયો થાય છે. **चोक्खपवित्ता**થી 'અત્યંત પવિત્ર' એવો અર્થ સમજવાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| **बुद्धी (१७)** | **बुद्धिः** | બુદ્ધિને સફળ કરતી હોવાથી બુદ્ધિ. |
| **बोही (१६)** | **बोहिः** | બોધિ, સર્વજ્ઞના ધર્મની પ્રાપ્તિ; આ પ્રાપ્તિ અહિંસારૂપ હોવાથી અહિંસાને 'બોધિ' કહે છે. અથવા અહિંસા એટલે કે અનુકંપા અને એ અનુકંપા બોધિનું કારણ હોવાથી એને 'બોધિ' કહે છે. |
| **भद्दा (२५)** | **भद्रा** | ભદ્ર, પ્રાણીનું કલ્યાણ કરનાર. |
| **मंगल (३०)** | **मङ्गलम्** | મંગળ. અહિંસા પાપનો નાશ કરે છે માટે એનું આ નામ છે. |
| **महंती (१५)** | **महन्ती** | સર્વ ધાર્મિક અનુષ્ઠાનોમાં-વ્રતોમાં અગ્રેસર હોવાથી મોટી. |
| **रक्खा (३३)** | **रक्षा** | જીવનું રક્ષણ કરવાના સ્વભાવવાળી હોવાથી 'રક્ષા'. |
| **रती (७)** | **रतिः** | રતિના કારણરૂપ હોવાથી રતિ. |
| **रिद्धी (२०)** | **ऋद्धिः** | ઋદ્ધિ. લક્ષ્મીનું કારણ હોવાથી ઋદ્ધિ (જ્ઞા.) |
| **लद्धी (२७)** | **लब्धिः** | લબ્ધિ. કેવલજ્ઞાન વગેરે લબ્ધિનું કારણ અહિંસા છે (જ્ઞા.) |
| **ववसाओ (४४)** | **व्यवसायः** | વિશિષ્ટ નિશ્ચય. |
| **विद्धी (२१)** | **वृद्धिः** | વૃદ્ધિ. પુણ્યપ્રકૃતિ સંપાદન કરાવનારી હોવાથી વૃદ્ધિ (જ્ઞા.) |
| **विभूती (३२)** | **विभूतिः** | સર્વ વિભૂતિઓનું-ઋદ્ધિસંપત્તિઓનું કારણ હોવાથી વિભૂતિ. |
| **विमल (५८)** | **विमलः** | વિમળતા. |
| **विमुत्ती (१२)** | **विमुक्तिः** | વિમુક્તિ. અહિંસા જીવને સકળ બંધનોથી મુક્ત કરે છે માટે 'વિમુક્તિ'. |
| **विरती (८)** | **विरतिः** | વિરતિ, પાપથી નિવૃત્તિ. |
| **विसिट्ठदिट्ठी (२८)** | **विशिष्टदृष्टिः** | વિશિષ્ટ દૃષ્ટિ. |
| **विसुद्धी (२६)** | **विशुद्धिः** | પાપના ક્ષયનો ઉપાય હોવાને લીધે જીવનની નિર્મળતા રૂપ અહિંસા છે. |
| **वीसासो (५१)** | **विश्वासः** | વિશ્વાસ. |
| **सती (४)** | **शक्तिः; शान्तिः** | (૧) શક્તિ આપનાર હોવાથી 'શક્તિ'. (૨) શાન્તિ, પરના દ્રોહથી વિરતિ. |
| **सम्मत्ताराहणा (१४)** | **सम्यक्त्वाराधना** | સમ્યક્ત્વની આરાધના સ્યાદ્વાદ વિષેના યથાર્થ બોધની આરાધના-સેવન (જ્ઞા.). |
| **समाही (३)** | **समाधिः** | સમાધિ, સમતા. અહિંસા સમતાનું કારણ છે. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| समिई (३८) | समितिः | સમિતિ, સમ્યક્ પ્રવૃત્તિ. અહિંસા સમિતિરૂપ હોવાથી એને 'સમિતિ' કહે છે. |
| समिद्धी (१८) | समृद्धिः | સમૃદ્ધિનું કારણ હોવાથી 'સમૃદ્ધિ'. આનંદનું કારણ હોવાથી સમૃદ્ધિ (જ્ઞા). |
| सव्वस्स वि अमाघाओ (५३) | सर्वस्यापि अमाघातः | બધા યે જીવોને અમારિ. |
| सिवं (३७) | शिवम् | મોક્ષનું કારણ હોવાથી 'શિવ'. નિરુપદ્રવનું કારણ હોવાથી 'શિવ'(જ્ઞા.). |
| संजमो (४०) | संयमः | સંયમ, હિંસાથી નિવૃત્તિ. |
| संवरो (४२) | संवरः | સંવર. |
| सिद्धावासो (३४) | सिद्धयावासः | મોક્ષનો આવાસ. અહિંસા મોક્ષના આવાસનું કારણ છે. |
| सील (३९) | शीलम् | શીલ, સમાધાન. |
| सुयंग (९) | श्रुताङ्गम् | જેનું કારણ શ્રુતજ્ઞાન છે તે શ્રુતાંગ. કહ્યું પણ છે કે પહેલું જ્ઞાન અને પછી દયા. |
| सूती (५६) | शुचिः | ભાવશુચિ. |
| सीलपरिघरो | शीलपरिगृहम् | શીલ એટલે સદાચાર અથવા બ્રહ્મચર્ય. એનું ઘર તે શીલપરિગૃહ. ચારિત્રનું સ્થાન એ એનું બીજું નામ છે. |

આ પ્રમાણે અહિંસાના જે ૬૦ પર્યાયો છે, એનો હિંસાનાં ત્રીસ ગુણનિષ્પન્ન નામો સાથે વિચાર કરતાં હિંસાથી નિવૃત્ત હોવારૂપ જે અહિંસારૂપી મહાવ્રત છે તે સમજાશે, એને પૂરેપૂરું લક્ષ્યમાં રાખીને સૌ કોઈ એ ભગવતી અહિંસા દેવીના ભક્ત બનો અને યથાર્થ શાન્તિ પામો એ જ અભિલાષા.

ગોપીપુરા, સુરત. તા. ૨૫-૪-૪૫.

# મૂર્તિપૂજાનો પ્રભાવ

લેખક–પૂ. મુ. મ. શ્રી ભદ્રંકરવિજયજી [પૂ.આ.મ.શ્રી.વિજયરામચંદ્રસૂરિશિષ્ય]

( ગતાંકથી ચાલુ )

વ્યવહાર માત્રનું બીજ ભેદજ્ઞાન છે. વસ્તુનો વ્યવહાર ત્રણ રીતે થાય છે. ત્યાગ, ગ્રહણ, અને અત્યાગગ્રહણ (ત્યાગ નહિ તેમ અત્યાગ પણ નહિ એવો ઉપેક્ષાભાવ). એ ત્રણે પ્રકારનો વ્યવહાર, ભેદજ્ઞાન ઉપર અવલંબે છે. અને એ ભેદજ્ઞાન આકારભેદ ઉપર અવલંબે છે. એક અર્થના વાચક શબ્દ અનેક હોઈ શકે છે, અને એક શબ્દથી વાચ્ય અર્થ અનેક હોઈ શકે છે, પરંતુ એક જ્ઞાન અનેક આકારવાળું હોઈ શકતું નથી. એક જ્ઞાનને એક જ આકાર હોય છે. જો એક જ્ઞાનને અનેક આકાર માનવામાં આવે તો બોધ જ થઈ શકે નહિ. વસ્તુનો નિયત બોધ થવામાં કારણભૂત જ્ઞાનનો નિયત આકાર છે. ક્ષયોપશમાદિના બળથી જ્ઞાન એ વિશિષ્ટ આકારને ધારણ કરે છે, અને એ વિશિષ્ટ આકાર અમૂક પ્રકારનો નિયત બોધ કરાવે છે. બોધનું અનંતર કે અંતિમ કારણ શબ્દ કે અર્થ નથી, કિન્તુ ક્ષયોપશમના બળથી ઉત્પન્ન થતો જ્ઞાનનો વિશિષ્ટ આકાર છે. જે લોકો જ્ઞાનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધન તરીકે શબ્દ કે અર્થ ( સન્નિકર્ષ )ને માન્ય રાખે છે, તે લોકો ( જ્ઞાનના ) આકારને માન્ય ન રાખે, એ ચાલે જ કેમ ? શબ્દ કે અર્થ એ જ્ઞાનના પરંપર કારણ છે; અનંતર કારણ તો જ્ઞાનનો આકાર જ છે; એ માન્યા સિવાય ચાલી શકે નહિ.

બોધના અનંતર કારણ તરીકે, જેમ જ્ઞાનનો આકાર છે, તેમ એ જ્ઞાનાકારને ઉત્પન્ન કરનાર અર્થ (નો આકાર) છે. અર્થાકારને છોડીને જ્ઞાનનો અન્ય આકાર એ મિથ્યા બોધ કહેવાય છે. અને અર્થાકાર સમાન જ્ઞાનાકાર, એ સમ્યગ્ બોધ કહેવાય છે. અર્થાકાર સમાન જ્ઞાનાકાર, એ જ જો સમ્યગ્ બોધનું કારણ છે; તો એ અર્થાકારને અમાન્ય ઠરાવવાનું સામર્થ્ય કોનામાં છે ?

અર્થાકાર કહો કે મૂર્તિ કહો, બે એક જ છે. અભિન્ન વસ્તુગત આકાર તે અર્થાકાર કહેવાય છે. અને ભિન્ન વસ્તુગત આકાર તે મૂર્તિ કહેવાય છે. મૂર્તિ, પ્રતિકૃતિ, આકૃતિ એ બધા એક જ અર્થને કહેનારા શબ્દો છે. એ મૂર્તિને નહિ માનવાની વાત અજ્ઞાનમાંથી જન્મેલી છે. અસમાન આકારવાળી (અક્ષર) મૂર્તિઓ પણ જો સમ્યગ્ જ્ઞાનનું કારણ થઇ શકે છે, તો પછી સમાન આકારવાળી મૂર્તિ અર્થબોધનું કારણ થાય, એમાં શંકા જ શી છે ? સમાન અને અસમાન ઉભય આકારવાલી મૂર્તિ સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્ અને મિથ્યાદૃષ્ટિને મિથ્યા બોધનું અનન્ય કારણ છે, એ કારણે, વ્યવહારમાં જેમ જ્ઞાનનાં સાધન તરીકે સમાન આકારવાળાં ચિત્રો (Photos and pictures) ને માનવામાં આવ્યાં છે, તેમ અસમાન આકારવાળા નકશા (Maps and plans)ને પણ સ્વીકારવામાં આવ્યા જ છે.

સમાન આકારવાળાં પ્રતીકોને શાસ્ત્રોમાં તદાકાર સ્થાપના અને અસમાનાકારવાળાં પ્રતિકોને અતદાકાર સ્થાપના તરીકે ઓળખાવવામાં આવેલ છે. એ બન્ને પ્રકારની સ્થાપનાઓનો જ્ઞાનનાં અનન્ય સાધન તરીકે, દરેક દેશ અને દરેક કાળના બુદ્ધિમાન માનવીઓએ સ્વીકાર કરેલ છે.

જ્ઞાનનાં પુસ્તક આદિ અન્ય સાધનો કરતાં સ્થાપનામાં ઘણી વિશેષતાઓ છે. સ્થાપના જ્ઞાનનું સર્વજનસાધારણ કારણ છે. પુસ્તકાદિ એ અમૂક વિશેષ બુદ્ધિને વરેલાઓને જ સાધન બને છે. સ્થાપના વિશેષ બુદ્ધિવાળા કે સામાન્યબુદ્ધિવાળા બધાને જ્ઞાનનું સાધન બને છે. પુસ્તકથી થયેલું જ્ઞાન જલદી ભૂલાઇ જાય છે. સ્થાપનાથી સ્થિર જ્ઞાન થાય છે. પુસ્તક એકલું જ્ઞાનનું સાધન છે. સ્થાપના જ્ઞાન અને ધ્યાન ઉભયનું સાધન છે. પુસ્તકની એકલા મનના નિગ્રહમાં સાર્થકતા કે સદુપયોગિતા થાય છે. સ્થાપનાથી મન, તન, ધન અને વચન સર્વનો અનુક્રમે નિગ્રહ, સાર્થકતા અને સદુપયોગાદિ થાય છે. મનથી જ્ઞાન, ધ્યાન, તનથી સેવન, પૂજન, ધનથી મૂર્તિ-મંદિર, અને વચનથી સ્તુતિ-સ્તવન તથા નમન-વંદનાદિ સર્વ સ્થાપનાને થઈ શકે છે.

આટલી બધી વિશેષતા છતાં સ્થાપનાને નિરૂપયોગી ઠરાવવા પ્રયત્ન કરવો એ બુદ્ધિનો પ્રમાદ છે, છિદ્રાન્વેષણ દૃષ્ટિ છે, અથવા કુસંસર્ગજનિત એક પ્રકારનો ચિત્તવિભ્રમ છે. એક વિચારક વિદ્વાન કહે છે કે–' અનાર્ય પ્રજાના સંસર્ગથી ભારતની આર્ય પ્રજામાં જે પણ દૂષણો આવ્યાં છે, તે બધામાં સૌથી મોટું દૂષણ એ મૂર્તિપૂજાનો વિરોધ છે.' મૂર્તિપૂજા યુક્તિસિદ્ધ છે, છતાં એ કેવળ તર્કનો વિષય નથી. કિન્તુ તર્કની સાથે જ્ઞાન, ભક્તિ, ભાવના અને શ્રદ્ધાનો વિષય છે. તેની સાચી કિંમત શુષ્ક બુદ્ધિચક્ષુ નહિ પણ શુદ્ધ હૃદયચક્ષુ જ કરી શકે છે. મૂર્તિ એ પરમાત્માની સ્મૃતિ કાયમ અને સ્થિર રાખવાને માટે અધિકમાં અધિક વિકસિત વૈજ્ઞાનિક સ્વરૂપ છે. સંસારમાં સ્મૃતિ માટે સામાન્ય પુરુષોના ફોટા લેવાય છે, અને મહાપુરુષોનાં સ્મૃતિસ્થાન (memorials) અને મંદિરો કરાય છે, તેમ ધાર્મિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષેત્રમાં સામાન્ય દેવના પ્રતીક સામાન્ય મંદિર અને દેવાધિદેવના વિશાલ મંદિર અને મૂર્તિઓ બનાવાય છે. ચૈતન્ય શક્તિ અને જીવનનો સ્રોત જેમ આત્મા છે અને આત્માનું નિવાસસ્થાન જેમ દેહ યાને શરીર છે, તેમ ભક્તિ અને મુક્તિનો સ્રોત પરમાત્માના પ્રતિબિમ્બ સ્વરૂપ મૂર્તિ છે, અને મૂર્તિનું નિવાસસ્થાન પ્રભુમંદિર યાને શ્રી જિનચૈત્ય છે.

મૂર્તિને અલંકારો કેમ સજાવાય ? ઇત્યાદિ પ્રશ્નો તો મૂર્તિને જડ પથ્થર સ્વરૂપ સમજવાવાળાના છે. મૂર્તિને સાક્ષાત્ દેવસ્વરૂપ માનવાવાળાને એવા પ્રશ્નો કદી ઊઠતા જ નથી. પોતાના પિતાની છબીને કોઈ ફૂલહાર પહેરાવે કે તેને ભાવપૂર્વક કોઈ નમન કરે, તે વખતે કોઇને કાંઈ પણ પ્રશ્ન ઊઠતો નથી. આદર્શ પુરુષના બાવલાની ઉદ્ઘાટન ક્રિયા જો કોઈ નામાંકીત પુરુષના હાથથી થાય છે અને તેના ઉપર ફુલના હાર ચઢાવવામાં આવે છે; તો કોઈને પણ તેમાં અસ્વાભાવિકતા લાગતી નથી. પ્રભુપ્રતિમાના પ્રસંગમાં જો ટીકા કે ટિપ્પણી થતી હોય તો માનવું જોઈએ કે આજકાલ ભારતમાં અનેક પ્રકારની બુરાઇઓ પરદેશીઓના સંસર્ગથી પ્રવેશ પામી છે, તેમાંની આ પણ એક છે.

ભરત ચક્રવર્તીથી આજ સુધીનો ભારતીય ઇતિહાસ તપાસવાથી માલુમ પડશે કે–ભારતમાં થયેલ એકેએક આદર્શ જીવન જીવનાર વ્યક્તિના સત્ત્વ અને શીલની પાછળ પ્રતિમાપૂજનનો મહિમા ઝળકી રહ્યો છે. ભારતવર્ષમાં જે ધર્મપ્રેમ છે, તે સર્વ પાછળ ૧૦૦ માં ૯૦ ટકા શ્રેય: મૂર્તિપૂજાને ઘટે છે, એમ કહેવામાં કાંઈ પણ અત્યુક્તિ નથી.

આષાઢી શ્રાવક, ભરતચક્રી, સતી સીતા, કૃષ્ણ વાસુદેવ, સમ્રાટ સંપ્રતિ, મંત્રી વિમળશા, રાજા કુમારપાળ, વસ્તુપાળ, તેજપાળ, પેથડકુમાર, ઝાંઝણકુમાર, જાવડશા, કર્માશાહ આદિ ધર્મવીરોએ સ્વપર કલ્યાણાર્થે અનુપમ જિનમંદિરો બંધાવી ભારતભૂમિને અલંકૃત કરી છે. મંદિર રહિત ભારતભૂમિની કલ્પના કરીને જોવામાં આવે, તો પોતાની સામે એક ઉજ્જડ અને વેરાન ભારત ખડું થયેલું દેખાશે ભારતીય પ્રજાને પ્રભુપ્રતિમાથી શુભ પ્રેરણાઓ સદા મળતી રહી છે, એટલું જ નહિ પણ પૂર્વજન્મના સંસ્કારાનુસાર અનાર્ય પ્રજાને પણ પૂનિત પ્રેરણાઓ મળી છે. તેના દૃષ્ટાંત આર્દ્રકુમાર, બહાદુરશાહ, અકબરાદિનાં પ્રસિદ્ધ છે. આર્ય અનાર્ય માનવ જાત ઉપરાંત દેવ, દાનવ, ઇન્દ્ર, નાગેન્દ્રાદિ દેવજાતિને પણ મૂર્તિપૂજાથી આત્મકલ્યાણનો ભારે લાભ પ્રાપ્ત થઈ રહ્યો છે; તે છતાં તેમાં જે શંકા તે અનાર્ય સંસર્ગના દોષથી જ છે; એમ સમજવું જોઇએ.

## કેટલાક પ્રશ્નો અને તેના ખુલાસા

**પ્રશ્ન ૧**–જડ મૂર્તિ ચેતનને શો ફાયદો કરે ?

**ઉત્તર ૧**–ચેતન આત્માને જડ ઇન્દ્રિઓ જ દેખવાની શક્તિ આપે છે. સચેતન આંખો જડ દર્પણની સહાયથી જ પોતાને જોઈ શકે છે. અડધો માઇલ પણ દૂર ન દેખી શકનારને જડ દુર્બિન હજારો માઇલ દૂર દેખાડી શકે છે.

**પ્રશ્ન ૨**–મૂર્તિ બનાવનારે ઇશ્વરને જોયા નથી, તો તેની બનાવેલી મૂર્તિ ઇશ્વરને કેવી રીતે દેખાડી શકે ?

**ઉત્તર ૨**–પૃથ્વીનો નકશો બનાવનારે પૃથ્વી ઉપર સઘળે સ્થળે ફરીને ગામ નગરાદિ જોયાં નથી, તો પણ તેનો ચિતરેલો નકશો જોનારને ગામ નગરાદિનું જ્ઞાન થઈ શકે છે. જ્ઞાન માટે ઇતિહાસ અને ભૂગોળ બંને સરખાં ઉપકારક છે. ઇતિહાસનું જ્ઞાન જેમ પુસ્તકથી થાય છે, તેમ ભૂગોળનું જ્ઞાન નકશાથી થાય છે. શાસ્ત્રો ઇતિહાસના સ્થાને છે, મૂર્તિ એ (નકશાદિ) ભૂગોળના સ્થાને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૩**–પથ્થરની મૂર્તિને જોવાથી પથ્થર જેવા કેમ ન બનાય ?

**ઉત્તર ૩**–પથ્થરની મૂર્તિને જોવાથી પથ્થર જેવા બનાતું હોય, તો સ્ત્રીચિત્રને જોવાથી સ્ત્રી કેમ ન બનાય? સ્ત્રીને કે સ્ત્રીચિત્રને જોવાથી જેમ સ્ત્રીત્વ આવતું નથી પણ કામવિકાર જાગે છે, તેમ પ્રભુમૂર્તિને જોવાથી જડતા આવતી નથી, પણ (શુભ) ભક્તિભાવ જાગે છે.

**પ્રશ્ન ૪**–મૂર્તિ માંખી ઉડાડી શકતી નથી, તેને ખંડિત કરનાર કે તેનાં આભૂષણ ચોરનારને શિક્ષા કરી શકતી નથી, તેને પૂજવાથી શો લાભ ?

**ઉત્તર ૪**–સાક્ષાત્ ઇશ્વર પણ તેને નહિ માનનાર કે અનાદર કરનારને શું શિક્ષા કરે છે? ફળ આપનાર ઇશ્વર નથી પણ પોતાના જ શુભાશુભ સંકલ્પ અને તદનુસાર બંધાતાં કર્મ છે.

**પ્રશ્ન ૫**–નામસ્મરણથી ભક્તિ થઈ શકે છે, તો પછી પ્રતિમાપૂજનની શી જરૂર ?

**ઉત્તર ૫**–નામસ્મરણ માત્રથી દેવની ભક્તિ થઈ શકતી હોય, તો ગુરુભક્તિ પણ માત્ર નામસ્મરણથી કેમ ન થઈ શકે? નામસ્મરણ ઉપરાંત ગુરુ પ્રત્યે જો નમન, વંદન, સત્કાર, સન્માન આદિથી ભક્તિને સ્થાન છે, તો પછી દેવપ્રત્યે વંદન, નમન, સત્કાર, સન્માનાદિ વડે ભક્તિ બતાવવાની જરૂર કેમ નહિ ? મંદિર અને મૂર્તિ વિના દેવની હયાતિ કે બીનહયાતિમાં દેવ પ્રત્યે વંદન નમનાદિ અશક્ય છે. સમ્યગ્દૃષ્ટિથી સર્વવિરતિધર પર્યંતના દરેક અધિકારીઓને સક્રિય દેવભક્તિ કરવાનું સાધન મંદિર અને મૂર્તિથી પ્રાપ્ત થાય છે; કેવળ નામસ્મરણ કે ગુણસ્મરણ માત્રથી તે શક્ય નથી.

**પ્રશ્ન ૬**–કોઈ વ્યક્તિ કેવળ નામસ્મરણ કે ગુણસ્મરણથી જ દેવભક્તિ કરવા ઇચ્છે, તો શું હરકત છે ?

**ઉત્તર ૬**–સર્વ પ્રકારે પૂજનીયની કોઈ એકાદ પ્રકારે પૂજા કરવાનું સ્વીકારી અન્ય પ્રકારોનો નિષેધ કે ઉપેક્ષા એ પૂજનીયની ભક્તિ નહિ પણ એક પ્રકારની આશાતના છે. પ્રતિમા–પૂજા એ પરમાત્માની ભક્તિ કરવાના અનેક પ્રકારોમાંનો એક પ્રકાર છે. સુંદર મૂર્તિ, વિશાળ મંદિર, શ્રેષ્ઠ અલંકારો, પૂજાની ઉત્તમોત્તમ સામગ્રીઓ એ બધા ભાવોદ્દીપનના હેતુ છે. એથી ભાવ વધે છે, મન પવિત્ર થાય છે, અમંગલ નાશ પામે છે, કૃતજ્ઞતા બતાવાય છે. અને એનો નિષેધ કરવાથી કે ઉપેક્ષા દાખવવાથી શુભ ભાવનો નાશ થાય છે, મન મલિન બને છે, અમંગળ વધે છે, તથા કૃતઘ્નતાનું કલંક લાગે છે.

**પ્રશ્ન ૭**–પરમાત્માની વીતરાગ અવસ્થા પૂજનીય છે, તોપછી સ્નાત્રાદિ અને આભૂષણાદિની શું જરૂર ?

**ઉત્તર ૭**–માતા પૂજનીય છે, તે કેવળ જન્મ આપતી વખતે કે ત્યાર પછી પણ ! જન્મ આપનાર માતા જન્મ આપવાના કારણે પૂજનીય છે, તે જેમ કેવળ જન્મ આપતી વખતની અવસ્થામાં નહિ પણ સર્વ અવસ્થામાં પૂજનીય છે, તેમ તીર્થંકર દેવ પણ સર્વ અવસ્થામાં પૂજનીય છે. એમની એક વીતરાગ અવસ્થા પૂજનીય છે, એમ કહેવું એ માતા જન્મ આપતી વખતે પૂજનીય છે પણ તે પહેલાં કે પછી પૂજનીય નથી, એમ કહેવા બરોબર નથી ? મૂર્તિ જો કોઈ એક જ આકારે તૈયાર થઈ શકે છે, તો તેને ઘડવામાં એક વીતરાગ આકાર પસંદ કરવો એ જ યોગ્ય છે. પરંતુ તેથી અન્ય અવસ્થાઓ અને તેના આકારો અપૂજનીય ઠરતાં નથી. કોઈ પણ અવસ્થાની પૂજા ન રહી જાય એ માટે સ્નાત્રાદિ વડે જન્માવસ્થા, આભૂષણાદિ વડે રાજ્યાદિ અને શાંતાકારાદિ વડે વીતરાગતાદિ અવસ્થાઓની ભક્તિ શાસ્ત્રવિહિત છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# निर्भ्रान्त डिण्डिम

लेखक–पूज्य मुनिमहाराज श्रीवल्लभविजयजी, बीकानेर

श्वेताम्बरभृतां साधूनां त्रयोदशपन्थिनाम् ।
नामार्हद्धर्मधर्तॄणां दयादानसुदुर्हृदाम् ॥
अधिकेष्वपि सूत्रेषु द्वात्रिंशत्सूत्रमानिनाम् ।
द्वादशाङ्ग–दुरुहार्थ–तात्पर्य–भ्रान्त–चेतसाम् ॥
कृते निःश्रेयस–पथ–प्रदर्शी युक्तिसंगतः ।
निर्भ्रान्त–डिण्डिमो नाम वल्लभेन प्रणीयते ॥

भारतवर्ष एक ऐसा धर्मप्रिय देश है कि जहां भोलीभाली धर्मभीरु जनता प्रायः एक वार तो किसी भी धर्मोपदेशकके भाषित मन्तव्योंको धर्मके नामपर अंगीकार कर ही लेती है, चाहे वह धर्मोपदेशक निरक्षरभट्टाचार्य ही क्यों न हो, वा नामधारी संन्यासी क्यों न हो। हां, यह दूसरी बात है कि उस धर्मकी वृद्धि या ह्रास यथासंभव शीघ्र या दीर्घ कालमें होता है। यही कारण है कि, यहां जो कोई भी आया, धर्मकी आडमें बाबा बनकर अपना अडंगा जमा लिया। इसी लिये तो यहां सहस्रों सम्प्रदाय चल रहे हैं, संगठनका अभाव है और स्वतंत्रताका दिवाला है। अथवा यों कहिये कि पञ्चम कालका प्रभाव ही ऐसा है कि–ज्यों ज्यों काल बीतता है त्यों त्यों एकके बाद दूसरा, दूसरेके बाद तीसरा....इस तरह धर्मके नाम पर अनेक मत–मतान्तरोंकी रूप–रेखासे अगणित सम्प्रदाय बढ़ते चले जा रहे हैं। फिर भी इस एक ही ऐलानमें सारी ढोंगी दुनिया थर्रा जाती है कि—"सत्यमेव जयति, नानृतम्।"

अर्थात् सत्यकी विजय अवश्य होती है, अतः झूठकी हार भी सुनिश्चित है। ऐसी विजय और पराजय समयकी प्रतीक्षा करती है, यह एक और बात है।

उन निरर्थक बढे हुये सम्प्रदायोंसे लाभकी जगह हानि होती है और सामाजिक समस्याके सुलझनेमें उलझने पैदा होती हैं, राष्ट्रीय समस्यामें अनीतिका आरोपण होता है और देशकी स्वतंत्रतामें–स्वातंत्र्यकार्यक्रममें सुदुःसाध्यता और असंभवता प्रतीत होती है। कारण कि–धर्मोद्देश्यका साधारण अर्थ है आध्यात्मिक भावोंका विकास करका। लेकिन विशेषार्थ दृष्टिसे तो आधिदैविक और आधिभौतिक गुणोंकी सिद्धिमें और मानवजीवनके साफल्यमें यदि हम धर्मको सहायक कहें तो कुछ भी अत्युक्ति नहीं होगी।

धर्मके विषयमें धर्मगुढार्थतत्त्वालोकी प्राचीन पण्डितप्रकाण्डोंके अनेक अमूल्य पद्यरत्न आज भी भारतीय सभ्यसाहित्य–समाजमें चमक रहे हैं, उन्हींमेंसे एक प्रौढ़ कविके हृदयका उद्गार कैसा सरस, सुन्दर और भावुकतापूर्ण है, देखिये–

न जातु कामान्न भयान्न लोभान्न धर्मं जहेज्जीवितस्यापि हेतोः ।
धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भावार्थ यह है कि—कामसे या भयसे अथवा लोभसे, किंवा अपने जीवनोपायके लिये भी धर्मको नहीं छोड़ना चाहिये, कारण कि धर्म नित्य है और सुखदुःख अनित्य हैं, एवं जीव नित्य है और इसका कारण अनित्य है। इसका निचोड़ यह निकला कि धर्मसे विचलित होना बिलकुल पागलपना या निरी मूर्खता है और अपने धर्मका अच्छी तरह पालन करना मानवताकी सफलताका प्रतीक है। धर्मके ऊपर विचार पूर्वक गंभीर दृष्टि डाली जाय तो सहर्ष स्वीकार करना पड़ेगा कि धर्मके ही उत्थानमें देश, समाज और राष्ट्रका अभ्युत्थान है और धर्मके पतनमें देश, समाज एवं राष्ट्रका पतन निहित है। और आत्माके उत्थान—पतनमें धर्मका निकटतम संबन्ध तो प्रत्यक्ष और सर्वविदित ही है। इसलिये धर्मके उद्देश्यको लेकर प्रत्येक व्यक्तिको अपनी श्रद्धा और मान्यताके अनुकूल धर्मको माननेका पूर्ण अधिकार है। मगर इसका तात्पर्य्य यह नहीं कि कोई महादाम्भिक धर्मकी आडमें छिपकर आध्यात्मिकताका पतन करता हो, मानवताका नाश करता हो, नैतिकताकी जड़का समूलोच्छेदन करता हो और स्वार्थान्धताके बीजको अंकुरित करता हो तो उसे कोई न रोके। अर्थात् ऐसे स्वार्थान्धपूर्ण संगठन (प्रचार)का सर्वथा विरोध करना और तथाकथित उन विरोधीय प्रचारोंको यथासंभव शीघ्र धूलमें मिला देना मानवताके प्रत्येक पूजारी और प्रत्येक नीतिनिपुण प्रजावत्सल राजाका परमावश्यक कर्त्तव्य है।

विश्वके कल्याणके चाहनेवाले प्रत्येक प्राचीन और नवीन महापुरुष विश्व—शान्तिके उपायोंका अन्वेषण कर चुके हैं, करते हैं और करेंगे भी। उन प्रातःस्मरणीय दयार्द्रहृदय महापुरुषोंका सैद्धान्तिक उपदेश है कि—दुःखमें एक दूसरेकी सहायता करना, परोपकार करना, परस्पर मैत्रीभाव रखना आदि विश्व—शान्तिके प्रधानतम साधन हैं, और यही मानवताका अप्रतिम प्रतीक है। इन्हीं बातोंको प्राचीन धर्माचार्योंने भावपूर्ण अनवद्य पद्योंमें कैसा सुन्दर बतलाया है, वह देखिये और निष्पक्ष बुद्धिसे विचार किजीए, जैसेः—

**श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम्।**
**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्॥**
**अष्टादशपुराणेषु व्यासस्यवचनद्वयम्।**
**परोपकारः पुण्याय पापाय परपीडनम्॥**

यह एक सर्वमान्य निर्भ्रान्त सिद्धान्त है, और यह है कारुण्यरसोन्मेषी एक भावुक कविका भव्यभावनाभावित जनताचित्ताकर्षक सरल हृदयका गंभीरार्थक सुन्दर उद्गार। वास्तवमें किसी जीवको दुःख नहीं पहुंचाना, दुःखित जीवोंकी रक्षा करना, असहायकी सहायता करना, भूखेको भोजन देना, प्यासेको पानी देना, मरते हुए जीवोंको बचाना, रोगीको दवा देकर नीरोग करना, और उपकारीके प्रति कृतज्ञता प्रकाश करना........आदि मानवमात्र-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



का परम कर्त्तव्य है, इस बातका एसियासे यूरप तक विश्वके सभी सभ्य लोक निःशंक होकर स्वीकार करते हैं। मगर लज्जाके साथ विवश होकर यह लिखना पडता है कि धर्मके नाम पर एक ऐसा भी सम्प्रदाय चल रहा है जो पूर्वोक्त दया-दानादि धार्मिक बातोंमें पापको बतलाता है। इस सम्प्रदायका नाम "जैन श्वेताम्बर तेरहपन्थ" है। हमारी समझसे यदि इसका नाम "विचित्र पन्थ" रखा जाता तो बहुत अच्छा (अन्वर्थक) नाम होता, क्योंकि दुनिया जिसे पुण्य मानती है, उसे ये तेरहपन्थी पाप मानते हैं। अधिक क्या? दया, दान, परोपकार, लोकसेवा आदि कल्याणकार्यको विश्वके धार्मिक सिद्धान्तोंमें एवं उच्चतम मानव जीवनमें एकतम लक्ष्य या परम कर्त्तव्य माना जाता है, किन्तु उन सभी धार्मिक सिद्धान्तोंको तेरहपन्थी अधोगतिका कारण मानते हैं। बस, यहांसे इनकी विदूरदर्शी विवेकदृष्टि(!)का श्रीगणेश होता है, जिससे धार्मिक सिद्धान्तोंके नामपर अधार्मिक शस्त्रका आविष्कार होता है। 'जैनधर्म' दया और जीवरक्षाके विषयमें सबसे आगे बढ़ा हुआ है, किन्तु खेदकी बात है कि-उसी जैनधर्मकी आडमें छिपकर ये तेरहपन्थी उसी (धर्ममूल दयाके सर्वतः पोषक) जैनधर्मके मुख्यतम सिद्धान्त-का समूलोच्छेदन करनेपर कटिबद्ध हैं। अतः प्रत्येक जैन और जैनेतर धर्मबन्धुओंको चाहिये कि वे ऐसे विश्वव्यापी धर्मोंके विरुद्धके प्रचारोंका तन, मन और धनसे प्रबल विरोध करें।

इन तेरहपन्थियोंकी मतिविभ्रमता सार्वदेशिक धर्मसे कितना सम्बन्ध रखती है, यह जैन जनताको जताना आवश्यक है, अतः 'सूची-कटाह' न्यायसे दया-दानके विषय-में तेरहपन्थियोंके माने हुये कुछ सिद्धान्त नीचे दिये जा रहे हैं, जैसेः—

१. गौओंसे भरे हुये बाड़े (गो-गृह)में आग लग जाय और यदि कोई दयालु पुरुष उस बाड़े (गो-गृह)के किवाड़को खोल कर उन पशुओंको रक्षा करे तो उसको 'एकान्त पाप' लगता है।

२. बोझ (भार) से भरी हुई गाड़ी आ रही है, और उस मार्गमें बालक सो रहा है, यदि कोई दयावान् पुरुष उस बालकको उठाकर उसके प्राणोंकी रक्षा कर देता है तो तेरहपन्थी उसे 'एकान्त पापी' कहते हैं।

३. यदि किसी ऊंचे मकानसे बालक गिर रहा है, और कोई दयावीर बीचमें ही उसके प्राणोंको बचा लेता है, तो तेरहपन्थियोंके सिद्धान्तोंसे वह एकान्त पापी है।

४. किसी सच्चे तपस्वी साधुके गलेमें फांसी देकर कोई हिंसक उसको मारना चाहता है, यदि उस तपस्वीके गलेसे फांसी हटाकर कोई उसकी जानको बचाता है तो तेरहपन्थी उसको एकान्त पापी कहते हैं।

५. असावधानीसे पैरके तले (नीचे) आकर यदि कोई जीव मर रहा है, और उस जीवको यदि कोई बचा दे तो तेरहपन्थी उसे एकान्त पापी कहते हैं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



६. तेरहपन्थी साधुओंके अतिरिक्त संसारके सभी प्राणी कुपात्र हैं, इसलिये तेरह–पन्थि साधुओंके अतिरिक्त किसीको दान देना–उनके जीनेकी चाह करना पाप है।

७. पुत्र अपने मातापिताकी और स्त्री अपने पतिदेवकी सेवा करे तो उसमें भी तेरह–पन्थी एकान्त पाप को कहते हैं और माता–पिताको भोजन देना भी तेरहपन्थियोंके मन्तव्यानुसार एकान्त पाप है।

प्रिय पाठकगण ! मैंने जो कुछ ऊपर लिखा है, वह अपनी तरफसे नहीं किन्तु तेरह–पन्थ मतके आद्य प्रवर्तक और उनके परम्परा अनुगामियोंके सैद्धान्तिक पुस्तकोंसे ही उद्धृत किया है। तेरहपन्थियोंके आद्य आचार्य भिक्खुजी स्वामी हुये हैं। उन्होंने यथाबुद्धि बलोदयसे "अनुकम्पा–ढाल" नामक पुस्तक लिखी है, उसके कुछ उद्धरण नीचे दिये जा रहे है, जैसे–

**"कोई लायसूं बलताने काढ बचायो, वले कूवे पडताने बचायो,**
**वले तालाबमें डूबताने वाईरे काढे, वले ऊंचाथी पडताने झाल लियो तायो,**
**ओ उपकार संसार तणो छे, संसार तणो उपकार करे छे,**
**तिणरे निश्चय संसार वधे ते जाण ॥" ढाल ११, पृ. ५२।**

भावार्थ–अग्निमें जलते हुये जीवोंको कोई बाहर निकालकर बचावे, कूएमें गिरे हुयेको बचावे, तालाबमें डूबते हुयेको बाहर निकाल कर बचावे, अथवा ऊपरसे गिरते हुयेको बीचमें ही झेलकर बचावे, तो ये सबके सब संसारी उपकार हैं, संसारका उपकार करनेसे निश्चय करके संसारकी वृद्धि होती है अर्थात् ऐसे उपकार करनेवालोंको तेरहपन्थी पापी कहते हैं।

**"गृहस्थरे लागी लायो घर बारे निकलियो न जावे।**
**बलता जीव बिल बिल बोले साधु जाय किवाड़ न खोले" ॥ ढाल २, पृ. ५।**

भावार्थः–किसी गृहस्थके घरमें आग लग गई हो, यदि घरके लोग बाहर नहीं निकल सकते हों, भीतरके भीतर ही बिलबिला रहे हों तो भी साधु वहां जाकर किवाड़ नहीं खोले।

**"लाय लगी जो गृहस्थ देखे तो तुरत बुझावे छ कायाने जीव मारी।**
**यह सावद्य कर्त्तव्य लोक करे छे तिनमें तो धर्म कहे सांगधारी ॥" ढाल २, पृ.६।**

भावार्थः–कहीं आग लगी देखकर गृहस्थ लोग उसे शीघ्र बुझाते हैं और छह कायके जीवोंका घात करते हैं और सांगधारी (वेशधारी साधु) उसमें भी धर्मको मानते हैं।

**"कोई मात पितारी सेवा करे दिनरात, वले मनमाना भोजन त्यांने खवाय।**
**वले कांवड़ कांधे लिया फिरे त्यारी, वले बेहू टंकोरा स्नान करावे ताई" ॥**
**ढाल ११ पृ. ५२।**

भावार्थः–कोई दिनरात माता–पिताकी सेवा करे, उन्हें मनमानी वस्तु खिलावें, कावड़में बिठाकर उनको कन्धे पर लिये फिरे, दोनों समय उन्हें स्नान करावे तो यह संसार बढानेवाला उपकार है, अर्थात् यह भी तेरहपन्थियोंके मतमें पाप है। और–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**"व्याधि अनेक कोढ़ादिक सुनीने, तिन उपर वैद चलाईने आवे ।
अणुकम्पा आणी साजो कीधो, गोली चूर्ण दे रोग गमावे ॥" ढाल १, पृष्ठ ४**

भावार्थः—कोढ़ आदि व्याधिको सुनकर रोगीके लिये वैद्य आये और वह वैद्य सदय होकर उस रोगीको गोली किंवा चूर्ण ( दवा ) देकर रोगको मिटा देवे तो यह दया सावद्य है, अर्थात् ऐसी दयाको तेरहपन्थी पापपूर्ण समझते हैं । और भी देखिये—

**"गृहस्थने भेषज औषध देईने, अनेक उपाय कर जीव बचायो ।
यह संसार तणो उपकार कियामें मुक्तिरो मारग मूढ बतायो,
वेषधारी भूलारो निर्णय कीजे ॥" ढाल ८, पृ. २८ ।**

भावार्थः—औषध आदिको देकर अथवा किसी अन्य उपायसे गृहस्थोंका जीवन बचाना संसार बढ़ानेवाला उपकार है, मूढ लोग इस उपकारको मुक्तिका मार्ग बतलाते हैं, अतः हे वेषधारी साधुओ ! आप अपनी भूलोंका निर्णय करें । और—

**"गृहस्थ भूलो उजाड़ वनमें, अटवीने वले उजड़ जावे,
तिणने मार्ग बतायने घर पहुंचावे, वले थाके हुवो तो कांधे बैठावे,
ओ उपकार संसार तणो छे" ॥ ढाल ११, पृष्ठ ५३ ।**

भावार्थः—यदि कोई गृहस्थ उजाड़ वन ( घोर जंगल )में रास्ता भूलकर उल्टे रास्तेमें चलने लगे, उस कुपथगामी पथिकको ठीक मार्ग बतलाकर घर पहुंचाना और यदि वह थका हो तो उसे अपने कन्धे पर बैठा लेना संसारका उपकार है, अर्थात् इस उपकारसे संसारमें चक्कर खाना पडता है, अतः यह भी तेरहपन्थियोंके मन्तव्यानुसार पाप ही है ।

श्रीयुत भिक्खूजी स्वामीके 'अनुकम्पा—ढाल'का कुछ अंशः नमूनेके तौरपर ऊपर दिया गया है, और उसका भावार्थ भी उसीके नीचे दिया गया है, जिससे सर्वसाधारणको उनके अनुकम्पा विषयक विचार भलीभांतो ज्ञात हो जाय । हमारी समझसे श्रीयुत भिक्खूजी स्वामीके "अनुकम्पा ढाल"को यदि निर्दयताका अप्रतिम प्रतीक और अमानुषताका अनुपम दृश्य कहा जाय तो कुछ भी अतिशयोक्ति नहीं ।

श्रीयुत भिक्खुजीको चौथी पाटपर श्रीजीतमलजी स्वामी हुए । आपका दूसरा नाम श्री 'जयाचार्य'भी तेरहपन्थियोंमें प्रसिद्ध है । श्रीजीतमलजीने श्रीभिक्खुस्वामीकी उक्त उत्सूत्र-प्ररूपणाको यथामति खूब बढ़ाचढाकर "भ्रम—विध्वंसन" नामकी एक पुस्तिका लिखी है । इस धर्म—विरुद्ध—प्ररूपणा—युक्त ग्रन्थका समूलोच्छेदन करनेके लिये जैनागम—प्रभाव—पूर्ण तर्क—युक्तिसे भरपूर "निर्भ्रान्त—तत्त्वालोक" नामका मेरा एक ही निबन्ध काफी है ।

श्रीयुत भिक्खुजी और श्रीजीतमलजीकी पुस्तकोंसे स्पष्टतया प्रतीत होता है कि तेरह-पन्थी साधुओंके अतिरिक्त संसारके सभी प्राणी कुपात्र हैं, और उनका कहना है कि तेरह-पन्थी साधुओंके अलावा सभी अन्य साधु वेषधारी, गमार और हिंसामें धर्म मानने वाले हैं, जैसे—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" साधुथी अनेरो कुपात्र छे " ( भ्रम-विध्वंसन, पृष्ठ ७९ । )

यानी तेरहपन्थी साधुओंकी रायसे वास्तवमें साधु वही है, जो दया, दान आदि पुण्यकर्ममें पापका निरूपण करता है। यह है तेरहपन्थियोंके धार्मिक सिद्धान्तोंका एक विचारणीय ज्वलन्त उदाहरण। अथवा अन्य धर्मोंसे यह तेरहपन्थी धर्म उतना ही प्रतिकूल है जैसे धर्मसे पाप, प्रकाशसे अन्धकार और अग्निसे जल। इस तरहका मत किसी भी देश, समाज या राष्ट्रके लिये सर्वथा अहितकर है, क्योंकि जिस किसी भी धर्ममें निर्दयता और स्वार्थान्धताके भाव भरे हों वह धर्म उस समाज, देश और राष्ट्रके उत्थानका प्रतिबन्धक होकर पतनका कारण हो जाता है। अतः प्रत्येक समाजसेवक धर्मशील नरेशोंसे मेरा अनुरोध है कि वे ऐसे समाज-देश राष्ट्र-अहितकर अनार्य धर्मोंका यथासम्भव शीघ्र समूलोच्छेदन करनेके लिये चेष्टा करें। आश्चर्य तो इस बातका है कि मानवसंस्कृतिका महाघातक व निर्दयताका अनुपम चित्रपट, यह " तेरह-पन्थ-धर्म " भगवान् महावीरके नामसे खड़ा हुआ है। जिस महापुरुषका शुभ जन्म पीड़ितोंकी रक्षाके लिये कहा जाता है, या जिन्हें दयाका अवतार सारी दुनिया मानती है, अथवा जिनके जीवनका लक्ष्य दया और अहिंसाका प्रचार था, उन्हीं महापुरुषके नाम पर ऐसे निन्दनीय पापमय धर्मका चलना, क्या पवित्र धर्मवृक्षकी जड़में कुठाराघात नहीं है ?

इस बातकी साक्षी विश्वका इतिहास दे रहा है कि मारे जाते प्राणियोंकी रक्षाके लिये ही भगवान् महावीर और बुद्धने अपने विशाल राज्यको छोड़कर संन्यासको अंगीकार किया था। किन्तु खेद है कि विशेषदर्शी तेरह-पन्थी लोग भगवानके इन दया, दानादि परम पवित्र मानवोचित कार्योंको पाप बतला रहे हैं अतः इससे बढ़कर अधर्म, असत्य तथा विश्ववन्द्य महापुरुषका अपमान क्या हो सकता है ?

केवल दया, दान ही के ऊपर इनका यह कुत्सित विचार नहीं है, किन्तु मानवोचित आत्मकल्याणकारक " मूर्तिपूजा, जिनमन्दिरनिर्माण, धर्मशालाविधान " आदि सर्वजनोपकारी कार्यों पर इनका कुठाराघात हुआ है। हम हैरान है कि जब ये ३२ आगमोंको मानते हैं, तो फिर उन आगमोंमें कहे हुये धर्मोंको क्यों नहीं मानते ? क्योंकि प्रकृतिने मानवसमाजके लिये अन्य प्राणियोंकी अपेक्षा विशेष बुद्धि रखी है, अतः प्रत्येक कर्त्तव्य पर मननशील होकर विचार करना मनुष्यमात्रका कर्त्तव्य है।

तेरहपन्थियोंका कहना है कि भगवानने ३२ आगमोंमें कहीं भी जैन मन्दिर बनानेको नहीं कहा। हम पूछते हैं कि यह मिथ्या अपलाप कहांतक टिक सकेगा ? आप पक्षपातको छोड़कर विचारिये, हम आपके माने हुये आगमोंका ही प्रमाण देते हैं, प्रमाण यह है कि—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नंदीसूत्र आपके ३२ सूत्रोंमें है, उसी नन्दीसूत्रमें महानिशीथसूत्रका नाम दिया हुआ है, उस महानिशीथसूत्रमें लिखा है कि–" जिनमन्दिर करने वाले बारहवें स्वर्गको जाते हैं। "

अब विचारनेकी बात है कि जो समकीति जीव है वही वैमानिक आयुष्यको बांधता है, इस लिये जिनमन्दिरनिर्माण करानेवाला स्वयं सम्यग्दृष्टि है, ऐसा सिद्ध होता है, अतः इसमें धर्म होनेसे साधुलोग इस बाबतका उपदेश समकिती जीवोंको देते हैं।

और भी तेरहपन्थियोंका कहना है कि–" स्थानांगके दूसरे ठाणमें दो प्रकारका धर्म कहा है, एक सूत्रधर्म और दूसरा चारित्र्यधर्म। सो प्रतिमा पूजनेमें और मन्दिर करानेमें कौनसा धर्म है?"। उत्तरमें हम पूछते हैं कि–' प्रतिमा–पूजन, मन्दिर बनाना, संघ निकालना आदि धर्मकार्योंको भी आप क्यों नहीं मानते? जब कि प्रत्येकका प्रमाण प्रत्यक्ष है; देखोः– ठाणांगके तीसरे ठानमें पृष्ठ ११७ में लिखा है कि–" जिनप्रतिमाकी तरह साधुकी भक्तिको करता हुआ जीव शुभ दीर्घायुष्य कर्मको उपार्जन करता है। पाठ यह हैः–

" तिहिं ठाणेहिं जीवा सुहदीहायुअत्ताए कम्मं पगरेंति। तं जहा णो पाणे अइवाइत्ता हवई, णो मुसं वइत्ता हवइ, तहारूवं समणं वा वंदित्ता नमंसित्ता सक्कारेत्ता सम्माणेत्ता **कल्याणं मंगलं देवयं चेइयं** पज्जुवासेत्ता मनुन्नेणं पीइकारएणं असणपाणखाइमसाइमेणं पणिलाभेत्ता हवइ इच्चेएहिं तिहिं ठाणेहिं जीवा सुहदीहायुअत्ताए कम्मं पगरेंति "।

इसका सारांश ऊपर ही दे दिया गया है। इसी तरह और भी तेरहपन्थियोंका भ्रमात्मक निर्मूल कथन है कि–" जिन-प्रतिमाको जिन-समान प्ररूपण करते हो सो ३२ सूत्रोंमें कहांहै? दिखलाओ। उत्तरमें निवेदन है कि " जिनप्रतिमा जिनसमान है " इसका पूर्ण प्रमाण ' रायपसेणी-सूत्र 'के १९० पृष्ठमें " धूवं दाउणं जिनवराणं " ऐसा पाठ है। इसका अभिप्राय यह है कि ' जिनवरको धूप देकरके '। इसमें मूर्तिको जिनवर कहा है, अतः इसीसे सिद्ध होता है कि–जिनाप्रतिमा जिनसमान है। इसके अतिरिक्त 'ज्ञातासूत्र'के १२५५ वें पृष्ठमें लिखा है कि–" जेणेव जिणघरे " यहां भी जिनप्रतिमाको जिनघरके समान कहा है। अतः जिन-प्रतिमाको जिनसमान कहना आगमसंमत एवं युक्तियुक्त है। इस तरह मूल आगम पाठोंसे ही ' जिनमन्दिरनिर्माण ' और ' प्रतिमापूजा ' आदिकी सिद्धि हो जाती है और टीका, चूर्णी, भाष्य, निर्युक्ति आदिमें तो इसके परिपुष्टिके प्रमाण दर्जनों भरे पडे हैं। मगर खेद है कि जहां इनकी स्वार्थसिद्धियोंमें बाधा पहुंचती है वहां ये अपना मानी हुई बातोंको भी नहीं मानते, अतः ऐसी दुराग्रहताको केवल अविवेकपूर्णता या स्वार्थान्धसाधनता ही कह सकते हैं। क्योंकि तेरह-पन्थी साधु ३२ सूत्रोंको ही मानते हैं और टीका, निर्युक्ति आदिको नहीं। हम पूछते हैं कि ' नन्दीसूत्र ' को तो आप मानते हैं, लेकिन उसी 'नंदीसूत्र'में टीका, निर्युक्ति,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भाष्य आदि बातोंको माननेके लिये कहा गया है तो उसको माननेमें अपनी खैरियत क्यों नहीं मान लेते ? और भगवतीसूत्रके २५ शतक, ३ उद्देश, १६८२ पृष्ठमें कहा है कि–

" सुतत्थो खलु पढ़मो बीओ निज्जुत्तिमीसओ भणिओ ।
तइयो य निरवसेसो एस विही होइ अणुओगे ॥

भावार्थः–प्रथम सूत्रार्थको लेना, अनन्तर निर्युक्ति सहित लेना आर तीसरा निरवशेष (संपूर्ण) लेना, यह विधि अनुयोग (अर्थ) करनेकी है ।

श्रीभगवतीसूत्रमें टीका, निर्युक्ति आदिको प्रमाण माननेका साफ साफ लिखा हुआ है, फिर भी अपनी दुराग्रहतासे ये लोग नहीं मानते हैं । इतना हो नहीं, तेरहपन्थियोंका कहना है कि–" भगवान् महावीरने एक वार गोशालकको जलनेसे बचाया था, इस लिये महावीर चूक गये " । बड़े आश्चर्य और खेदकी बात है कि महाज्ञानी भगवान् महावीर चूक गये, और विभीषणभावभाषी भिक्खुजी और जीतमलजीकी विभ्रान्त बुद्धिमें बड़ी चूक भी कोई चूक नहीं ! अस्तु ! हमने इनके प्रत्येक धर्म-प्रतिकूल मन्तव्योंका अपने 'निर्भ्रान्त-तत्त्वालोक'में यथास्थान समुचित उत्तर दिया है । और मूर्त्ति-पूजाके विषयमें "मूर्ति-पूजा-तत्त्वालोक" नामका एक ट्रेक्ट अलग लिखा है । उक्त दोनों पुस्तकोंसे पाठकोंको मालूम हो जायगा कि सत्य सत्य ही होकर चिरस्थायी होता है, और असत्य असत्य होनेसे क्षणभंगुर या जलका बुलबुला है । तेरह-पन्थी साधुगण अपनेको पवित्र आचरणवाले मानने हैं, मेर ख्यालसे तो यह 'अपने मुह मियां मिट्ठु बनना' है । क्योंकि, उनके भीतर घुस कर जिन्होंने देखा है वे भलभांती जानते हैं कि वहां क्या है ? पर हम इस निन्दित विषयके वक्तव्यमें आगे बढ़ना नहीं चाहते । पर इतना लिखना आवश्यक समझते हैं कि––

तेरह-पन्थी साधुओंका व्याख्यान रातमें होता है, जिसमें स्त्री, पुरुष सभी इकठे होते हैं । रातमें साधुके स्थान पर स्त्रीका जाना शास्त्रमें निषिद्ध (वर्जित) है ।

तेरहपन्थी पूज्यश्रीकी सेवाके लिये आठ राजसतियाँ चुनी जातीं हैं, वे पूज्यश्रीको परदेमे भोजन कराती हैं तथा दूसरी सेवायें भी करती हैं । साध्वियोंके द्वारा साधुकी सेवा होना आचरणकी दृष्टिसे कभी अभिनन्दनीय नहीं हो सकता है ।

इसी तरह इनके मार्गको सेवा और पालन आदि बहुतसी बातें शास्त्र और लोककी दृष्टिसे अनुचित हैं । अब हम अपनी लेखनीको विश्राम देकर अन्तमें एकवार प्रत्येक विचार-शील जनता–हितैषी देश–सेवकों और सद्दृष्टि-ज्ञान-चारित्र्य-धारी साधुओं एवं नीति–निपुण प्रजा-वत्सल सद्धर्मधुरन्धर धराधिपतियोंसे फिर भी अनुरोध करते है कि वे सर्वथा प्रयत्नशील होकर इस धर्मने फैलाए हुए कलङ्क-पङ्कको अच्छी तरह धो डालें ।

" तुष्यन्तु सुजना बुध्वा सदर्थान् मदुदीरितान् ।
अबोधेन हसन्तो मां तोषमेष्यन्ति दुर्जनाः ॥ "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દિગંબર વિદ્વાન્ શ્રીમાન્ નાથુરામ પ્રેમીજીએ સ્વીકારેલી

# તત્ત્વાર્થભાષ્યની સ્વોપજ્ઞતા

લેખકઃ–પૂજ્ય મુનિમહારાજ શ્રીન્યાયવિજયજી (ત્રિપુટી)

મુંબઈના ભારતીય વિદ્યાભવન તરફથી પ્રગટ થતા 'ભારતીય વિદ્યા'ના થોડા સમય પહેલાં બહાર પડેલ વાર્ષિક અંકમાં "उमास्वातिका तत्त्वार्थसूत्र और उनका सम्प्रदाय" શીર્ષક લેખ પ્રગટ થયો છે, જેના લેખક દિગંબર સમાજના સુપ્રસિદ્ધ સાહિત્યસેવી ઇતિહાસપ્રેમી નાથુરામજી પ્રેમી છે. પ્રેમીજીથી શ્વેતાંબર સમાજનો વિદ્વદ્વર્ગ ભાગ્યે જ અપરિચિત હશે એમ હું ધારું છું. એમણે આ લેખમાં પોતાની સંશોધકવૃત્તિ અને નિખાલસતાનો સુંદર પરિચય આપી જિજ્ઞાસુઓમાં નવીન શોધખોળની ભાવના પ્રગટાવી છે.

વાચકવર્ય શ્રીઉમાસ્વાતિજીના તત્ત્વાર્થસૂત્રને શ્વેતાંબરો અને, થોડા ફેરફાર સાથે, દિગંબરો બહુમાન અને આદરથી જુવે છે. શ્વેતાંબરો મૂળ તત્ત્વાર્થસૂત્રને જ નહીં, કિન્તુ એના ભાષ્યને પણ સ્વોપજ્ઞ–અર્થાત્ ઉમાસ્વાતિ વાચકવર્યનું બનાવેલું માને છે, અને એ સિવાયના બીજા ગ્રંથો પણ વાચકવર્ય શ્રીઉમાસ્વાતિજીએ બનાવ્યા છે એમ માને છે, અને તેમના પાંચસો પ્રકરણગ્રંથો પૈકીના 'પ્રશમરતિ પ્રકરણ', 'પૂજા પ્રકરણ' વગેરે લભ્ય પ્રકરણગ્રંથોને પણ બહુમાનથી માને છે. દિગંબર સમાજ તત્ત્વાર્થસૂત્રને કેટલાંક સૂત્રો ફેરવીને ઉમાસ્વાતિજીકૃત માને છે, પણ તેના ભાષ્યને તો તેઓ સ્વોપજ્ઞ નહોતા માનતા, અને પ્રશમરતિ પ્રકરણ વગેરેને પણ તેમની કૃતિ તરીકે નહોતા સ્વીકારતા. આ લેખમાં શ્રીયુત પ્રેમીજીએ શ્રુતિ અને દલીલોનો પ્રચુરતાથી ઉપયોગ કરી એ સિદ્ધ કર્યું છે કે–આ ભાષ્ય બીજી બધી ટીકાઓ કરતાં પ્રાચીન છે એટલું જ નહીં પણ એ સ્વોપજ્ઞ જ છે, અને એની કારિકાઓનો ઉપયોગ દિગંબર આચાર્યોએ પોતાની ટીકામાં કર્યો છે અને પ્રશમરતિ પ્રકરણના રચયિતા પણ વાચકવર્ય ઉમાસ્વાતિજી જ છે.

પરંતુ આ સાથે જ વાચકવર્ય શ્રીઉમાસ્વાતિજીના સમ્પ્રદાયની ચર્ચા કરતાં, ખૂબ ઉહાપોહ કરી, વાચકવર્ય શ્વેતાંબર નહીં, દિગંબર નહીં, કિન્તુ દિગંબર સંઘબાહ્ય જેવી મનાતી તેની જ એક શાખા યાપનીય સંઘના સાધુ હતા એમ સિદ્ધ કરવા પ્રેમજીએ ખૂબ જહેમત ઉઠાવી છે. હું અહીં તેમની આ માન્યતાનો જવાબ આપવા ચાહતો નથી, પરંતુ પ્રેમીજીએ ભાષ્યની સ્વોપજ્ઞતા વગેરે માટે જે પ્રમાણો આપ્યાં છે તેનો જ રસાસ્વાદ વાચકોને કરાવીશ. વાચકવર્ય કયા સમ્પ્રદાયના હતા એ સંબંધી વિશેષ ઉહાપોહ કરવાનું, એની શોધખોળ કરવાનું કાર્ય, પૂ. આ. મ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી અને પૂ. મુનિમહારાજ શ્રીદર્શનવિજયજીને સોંપું છું કે જેમણે આ વિષયનો ઊંડો અભ્યાસ કર્યો છે.

શ્રીઉમાસ્વાતિજીની પહેલાંના સાહિત્ય માટે શ્રીપ્રેમીજી લખે છે કે–"**इसके पहले प्रायः सारा जैन वाङ्मय अर्धमागधी प्राकृतमें था।**" તેમના સમયમાં સંસ્કૃતની પ્રતિષ્ઠા વધતી જતી હતી એટલે "**उमास्वातिने प्राकृत आगम साहित्य परसे संग्रह करके तत्त्वार्थाधिगमसूत्र और स्वोपज्ञ भाष्यकी रचना की।**" અહીં પ્રેમીજી એક સુંદર સત્યનો સ્વીકાર કરે છેઃ આગમસાહિત્ય ઉપરથી તેમણે તત્ત્વાર્થાધિગમસૂત્ર રચ્યું. આ આગમસાહિત્ય શ્વેતાંબરો પાસે જ છે, અને તત્ત્વાર્થનો સમન્વય જૈનાગમો સાથે થાય છે, એ તો પુરવાર થયેલું જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમીજી લખે છે કે શ્વેતાંબર દિગંબર બન્ને સમાજ તત્ત્વાર્થને માને છે, પરંતુ શ્વેતાંબર સમાજની બધી ટીકાઓ ભાષ્યાનુસારિણી છે, જ્યારે દિગંબર ટીકાઓ **"भाष्यानुसारिणी नहि हैं।"**

શ્વેતાંબરો વાચકવર્યકૃત બીજા ગ્રંથો માને છે જ્યારે દિગંબરો નથી માનતા. પરંતુ પ્રેમીજી વાચકવર્યની પ્રશમરતિને અવશ્ય પ્રાચીન માને છે, તેઓ લખે છે કે **"हां 'प्रशमरति' अवश्य प्राचीन ग्रंथ है। उसकी तत्त्वार्थ भाष्यके साथ बहुत समानता भी है × × × इसके सिवाय प्रशमरतिकी एक कारिका (२९ वीं) जयधवलाकारने भी उद्धृत की (पृ. ३६९) है।"**

જયધવલાકારે પ્રશમરતિની કારિકા ઉદ્ધૃત કરી છે માટે જેમ પ્રશમરતિ અવશ્ય પ્રાચીન છે તેમ જો કોઈ દિગંબર ટીકાકારે પૂજા પ્રકરણ, જંબુદ્વીપસમાસ કે ક્ષેત્રવિચારની ગાથા ઉદ્ધૃત કરી હોત તો એ પણ અવશ્ય પ્રાચીન સિદ્ધ થાત! આવું વિધાન લગાર આશ્ચર્ય જેવું લાગે છે! ખેર! એ તો જેમ પ્રશમરતિનાં ભાષા અને ભાવ તત્ત્વાર્થની માફક છે તેમ ઉપર્યુક્ત ગ્રંથોના અભ્યાસથી પણ જણાઈ જ આવે છે કે એ ગ્રંથો પણ પ્રાચીન જ છે.

પછી તો પ્રેમીજી શ્વેતાંબર–દિગંબરમાન્ય સૂત્રોના થોડા ભેદનું નિરીક્ષણ કરી ભાષ્યની પ્રશસ્તિનું છેલ્લું નવનીત આપતાં લખે છે: **"भाष्यकी यह प्रशस्ति ग्रंथकर्त्ताका पूरा परिचय देनेवाली और विश्वस्त है। इसमें कोई बनावट नहीं मालूम होती और इससे प्रकट होता है कि मूल सूत्र के कर्ताका ही यह भाष्य है।**

અત્યાર સુધી દિગંબર વિદ્વાનો ભાષ્યને વિશ્વસ્ત–પ્રામાણિક નહોતા માનતા, તેમજ ગ્રંથકારના પરિચયરૂપ આ પ્રશસ્તિને પણ અવિશ્વસનીય જ ઠરાવવા પ્રયત્ન કરતા હતા. પરંતુ જ્યારે ખાસ દિગંબર વિદ્વાનોએ એ મૂળ સૂત્રને શ્વેતાંબર શાસ્ત્રો સાથે સમન્વિત થતું જોયું, ત્યારે તેમના કાન ચમક્યા અને પ્રો. જગદીશચંદ્રજી જેવાએ નિર્ભીકતાપૂર્વક પડેલપડેલું સત્ય લખ્યું કે મૂલ સૂત્ર અને ભાષ્ય બન્ને ઉમાસ્વાતિરચિત અને શ્વેતાંબર છે. હવે બીજા દિગંબર વિદ્વાનોનું આ તરફ લક્ષ્ય ખેંચાયું છે એ ખુશી થવા જેવું છે. શ્રીમાન પ્રેમીજીએ ભાષ્યની પ્રાચીનતા માટે જે દલીલો આપી છે તેમાંની થોડીકનું નિરીક્ષણ કરી લઈએ—

**१—सूत्रोंके भाष्य करनेमें कहीं भी खींचातानी नहीं की गई है। सूत्रका अर्थ करनेमें भी कहीं संदेह या विकल्प नहीं किया गया और न किसी दूसरा व्याख्या या टीकाका खयाल रखकर सूत्रार्थ किया गया है। × × ×**

**२—भाष्यकार सूत्रकारसे भिन्न होते और उनके समक्ष सूत्रकारकी कारिकायें और प्रशस्ति होती तो वे स्वयं भाष्यके प्रारंभमें और अन्तमें मंगल और प्रशस्तिके रूपमें कुछ न कुछ अवश्य लिखते।**

૩—રાજવાર્તિકકાર અકલંકદેવ, જેઓ વિક્રમની આઠમી શતાબ્દિના દિગંબર વિદ્વાન્ છે તેઓ **"वे इस भाष्यसे परिचित थे, क्योंकि उन्होंने अपने ग्रंथके अन्तमें भाष्यान्तकी ३२ कारिकायें 'उक्तं च' कह कर उद्धृत की हैं। इतना ही नहिं उक्त कारिकाओंके साथका भाष्यका गद्यांश भी प्रायः ज्यों का त्यों दे दिया है।"**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"×××राजवार्तिकमें अनेक जगह भाष्यमान्य सूत्रोंका विरोध किया है और भाष्यके मतका भी कई जगह खण्डन किया है।"

શ્રીયુત પ્રેમીજીએ આ વિષયનાં થોડાં પ્રમાણો પણ ફૂટનોટમાં આપ્યાં છે, જે વાંચવા યોગ્ય છે.

૪—આચાર્ય વીરસેન કે જેમણે જયધવલાટીકા વિ. સં. ૮૭૩ માં સમાપ્ત કરી છે તેમણે "इसमें भी भाष्यान्तकी उक्त ३२ कारिकाएं उद्धृत पाई जाती हैं × × × इसके सिवाय वीरसेनस्वामी उमास्वातिके दूसरे ग्रन्थ 'प्रशमरति' से भी परिचित थे, क्योंकि उन्होंने जयधवला पृ. ३६९ में 'अत्रोपयोगी श्लोकः' कह कर २५ वीं कारिका उद्धृत की हैं।"

ફૂટનોટમાં પ્રેમીજીએ તત્ત્વાર્થસૂત્રના શ્વેતાંબર ટીકાકાર શ્રીસિદ્ધસેનગણિએ પોતાની ટીકામાં અને નિશીથચૂર્ણિકાર જિનદાસગણિમહત્તરે પોતાની ચૂર્ણિમાં પ્રશમરતિની ૧૨ મી કારિકા આપ્યાનું લખ્યું છે. શ્વેતાંબર વિદ્વાનો ભાષ્યને અને પ્રશમરતિ વગેરેને ઉમાસ્વાતિકૃત જ માને છે એટલે એનું ઉદ્ધરણ આપે એ સ્વાભાવિક જ છે.

૫—આવી જ રીતે આચાર્ય અમૃતચંદ્ર (દિગંબર ટીકાકાર) પણ પોતાના તત્ત્વાર્થ-સારમાં ભાષ્યની બત્રીસ કારિકાઓમાંની ત્રીસ કારિકાઓ, તેના ક્રમમાં પણ ફેરફાર કરી જાણે એ બધી પોતે જ રચી હોય એવી રીતે, આપે છે.

૬—દિગંબરીય ટીકાકારોમાંના સૌથી પ્રાચીન સર્વાર્થસિદ્ધિકારે પણ ભાષ્યનાં પદનાં-પદ ઉતાર્યાં છે. યદ્યપિ તેમના ગ્રંથોમાં ભાષ્યનું ખંડન નથી, પરંતુ બન્ને ગ્રંથો સામે રાખીને જોવાથી બહુ જ સરસ રીતે સમજાય છે કે દેવનંદીની સામે ભાષ્ય છે અને એમના પાઠનો ઉપયોગ પણ થયો છે. પ્રેમીજીએ ફૂટનોટમાં ડો. જગદીશચંદ્ર શાસ્ત્રીના લેખના આધારે થોડાં ઉદાહરણ પણ આપ્યાં છે. હજી આગળ દલીલ આપતાં પ્રેમજી લખે છે—

"भाष्यकी लेखनशैली भी सर्वार्थसिद्धिसे प्राचीन मालूम होती है। वह प्रसन्न और गंभीर होते हूए भी दार्शनिक दृष्टिसे कम विकसित और कम परि-शीलित है × × × अर्थ दृष्टिसे भी सर्वार्थसिद्धि अर्वाचीन मालूम होती है। जो बातें भाष्यमें हैं सर्वार्थसिद्धिमें उसको विस्तृत करके और उस पर अधिक चर्चा करके निरूपण किया गया है।"

"इस तरह हम देखते हैं कि भाष्य पूज्यपाद अकलंकदेव, वीरसेन आदि आचार्योंसे पहलेका है, और उससे उक्त सभी आचार्य परिचित थे। उन्होंने उसका किसी न किसी रूपमें उपयोग भी किया है और उसकी यह प्राचीनता स्वोपज्ञताका ही समर्थन करती है।"

આ પછી પ્રેમીજીએ ભાષ્યની સ્વોપજ્ઞતાની બીજી દલીલો મૂકી છે, તેમજ તે સમયના બૌદ્ધ વિદ્વાનો નાગાર્જુન, વસુબન્ધુ વગેરેએ અને વાચકવર્ય પછીના શ્વેતાંબર દિગંબર વિદ્વાનોએ સ્વયં વૃત્તિ ભાષ્ય વગેરે રચ્યાં એમ જણાવ્યું છે. ત્યારપછી પ્રેમીજીએ વાચક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ય શ્રી ઉમાસ્વાતિજીની પરંપરા માટે શોધ ચલાવી છે. છેવટ દિગંબર પરંપરામાં તો નથી એમ સિદ્ધ કરી જણાવ્યું છે કે—

શ્વેતાંબર પરંપરામાં પણ કલ્પસૂત્ર સ્થવિરાવલી, નંદિસૂત્ર પટ્ટાવલીમાં તો વાચકવર્યનું નામ નથી, પરંતુ " **गुर्वावली, पट्टावली और शिलालेखों आदिके पूर्वोक्त उल्लेखोंसे मालूम होता है कि उनके रचयिताओंको उमास्वातिका गुरुपरंपराका, नामको और समयका कोई स्पष्ट ज्ञान नहि था और इसी लिये उसमें परस्पर मतभेद और गडबड है।**"

" **पिछले समयकी रची हुई जो अनेक श्वे. पट्टावलियां हैं उनमें अवश्य उमास्वातिका नाम आता है, परन्तु एकवाक्यताका वहां भी अभाव है।**"

પછી તો શ્વે. પરંપરાના મતભેદો દર્શાવ્યા છે, અને લેખકે વાચક ઉમાસ્વાતિજીને યાપનીય સંઘની પરમ્પરાના સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે. ખાસ કરીને જ્યાં મૂલ યા તો ભાષ્યમાં શ્વે. ટીકાકારોએ મતભેદ દર્શાવ્યા છે ત્યાં એ જ પાઠોનું સમર્થન યાપનીય સંઘના અપરાજિતસૂરિએ પોતાની વિજયોદયા ટીકામાં કર્યાના પાઠો આપ્યા છે. દિગંબર ટીકાકારોએ પણ મૂલ સૂત્રના અર્થમાં જ ફેરફાર કર્યા છે, નવા પાઠો જ બનાવી દઈ દિગંબર સંસ્કરણ કરી દીધું છે. પ્રેમીજી ઉમાસ્વાતિજીને યાપનીય સંઘના સિદ્ધ કરવા મથે છે, પરંતુ ભગવતીઆરાધના અને વિજયોદયા ટીકા કે જે ઉમાસ્વાતિજી પછી બની છે તેમાં ક્યાંય ઉમાસ્વાતિજીનું નામ નથી એ બહુ જ સૂચક અને વિચારણીય છે. પ્રેમીજીની માન્યતાનુસાર જો દિગંબર યાપનીય સંઘના ઉમાસ્વાતિજી હોત તો તેમની પછી દોઢસો વર્ષ બાદ જ થનાર પ્રથમ દિગંબર ટીકાકારે સર્વાર્થસિદ્ધિમાં એને તદ્દન જુદી જ રીતે રજુ કર્યા હોત, પરન્તુ એ પાઠાન્તરો ઊભા ન કરત. જો યાપનીય સંઘથી સર્વાર્થસિદ્ધિકાર પરિચિત હોવાનું લેખક માને છે તેને માટે જરૂર પૂજ્યપાદ લખી શકત–'ઇતિ યાપનીયૈઃ' વગેરે. પરંતુ નથી તો એક પણ દિગંબર ગ્રંથમાં, પટ્ટાવલીમાં, ગુર્વાવલીમાં કે શિલાલેખમાં આ સંબંધી ઉલ્લેખ કે નથી તો યાપનીય સંઘના કોઈ પણ ગ્રંથમાં વાચકવર્યનો ઉલ્લેખ; જ્યારે ઉચ્ચાનાગરી શાખા અને વાચકવંશનો ઉલ્લેખ તો કલ્પસૂત્ર સ્થવિરાવલી અને નંદીસૂત્રપટ્ટાવલીમાં મલે જ છે. એટલે એમ જ માનવું પડે છે કે–વાચક ઉમાસ્વાતિજી શ્વેતાંબરીય પરમ્પરાના છે. છતાં યે વિદ્વાન્ શોધકો શોધ કરી સત્ય સિદ્ધ કરે એમ તો ઇચ્છા રાખવી જ રહી. દિગંબર સંપ્રદાયોમાં ઉમાસ્વાતિ નહિ કિન્તુ ઉમાસ્વામી જ માન્ય છે એટલે એ શોધ હજી બાકી જ રહે છે.

ખરેખર, પ્રો. જગદીશચંદ્રજીએ તાત્ત્વાર્થભાષ્યને સ્વોપજ્ઞ સિદ્ધ કરવા લેખો લખી દિગંબર સમાજમાં જે ખળભળાટ મચાવી મૂક્યો હતો તેનાં બીજો દિગંબર સમાજમાં જ ફાલીફૂલીને મોટા વૃક્ષરૂપ થવા લાગ્યાં છે એ જોઈ કોને આનંદ નહીં થાય?

શ્રીયુત જુગલકિશોરજી મુખ્તાર હવે પોતાની લેખિની ચલાવી આ સત્ય સ્વીકારે એ ઇચ્છા વધુ પડતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાલોર ચૈત્યપરિપાટીના સંપાદનમાં ભૂલો

લેખક : પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રીકલ્યાણવિજયજી

"જૈન સત્ય પ્રકાશ" માસિકના ૧૦ મા વર્ષના ૬ઠ્ઠા અંકમાં શ્રીયુત અંબાલાલ પ્રેમચંદ શાહે નગાગણિવિરચિત "જાલોરનગર પંચ જિનાલય ચૈત્યપરિપાટી" છપાવી પ્રસિદ્ધ કરી છે અને એના પ્રારંભમાં તેમણે જાલોરનો થોડોક ઇતિહાસ આપવાની ચેષ્ટા કરી છે. એ ઇતિહાસ જે લેખપ્રબંધમાંથી ઉતારી લીધો છે તેનો નામનિર્દેશ ન કરવાની તેમણે પૂરી કાલજી રાખી છે; આ કાળજીનું કારણ એ ઇતિહાસપરિચયને પોતાની શોધખોળના પરિણામરૂપે બતાવવા સિવાય બીજું શું હોઈ શકે?

ઇતિહાસમાં પ્રવેશ કરનાર વિદ્યાર્થીઓ માટે આ ભાવના આત્મઘાતક છે; પૂર્ણ થયા પહેલાં જ પૂર્ણ થયાનો ડોલ કરવો એ તેમને હમેશાંને માટે અપૂર્ણ રાખનાર છે, એ વાત સમજાવવાની ભાગ્યે જ જરૂરત હોઈ શકે.

"જૈન રૌપ્ય મહોત્સવાંક"માં અમોએ "જૈનતીર્થ સુવર્ણગિરિ" આ શીર્ષક નીચે જે નિબન્ધ છપાવ્યો હતો તેના જ ફકરાઓ અને પ્રતીકો એકત્ર કરીને શાહે આ જાલોરનો પરિચય લખ્યો છે એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે.

આ વિષયમાં કંઈ પણ લખવાની અમારી ઇચ્છા ન હતી, પણ પરાશ્રિત લેખક સ્વતંત્ર લેખક થવાની ધૂનમાં શિષ્ટાચારને ભૂલી કેટલી હદે નિષ્ફલતામાં અથડાય છે એનું દિગ્દર્શન કરાવવાને ખાતર અહીં થોડીક ભૂલોનું સૂચન કરવાનું ઉચિત ધાર્યું છે—

૧. જૈન સત્ય પ્રકાશ પૃ. ૯૪ પં. ૧૪ માં જાલોરનગરને 'સુદડી' નદીને કાંઠે વસેલું લખે છે, જ્યારે નદીનું નામ 'સૂકડી' છે નહિ કે સુદડી.

૨. પૃ. ૯૫ પંક્તિ ૬ માં શાહે સોની વંશના શ્રાવકોને સોનગિરા રાજપૂતો હોવાની કલ્પના કરી છે એ પણ નિરાધાર છે. સોનીની અટક સોનીના ધંધાને લઈને પડી છે, સોનગિરિ સાથે એને કશો સંબન્ધ નથી.

પૃ. ૯૬ પં. ૧૮ માં "નવનવઇ લક્ખ" ઇત્યાદિ ગાથા 'વિચારશ્રેણિ'ની હોય એવો ઉલ્લેખ કર્યો છે, પણ એ ગાથા અંચલગચ્છીય આચાર્ય મહેન્દ્રસૂરિકૃત તીર્થમાલા સ્તોત્રની છે, વિચારશ્રેણિમાં એનું 'ઉક્તં ચ' કહીને ઉદ્ધરણ માત્ર કર્યું છે.

૪. એ જ ગાથાના અર્થમાં પં. ૨૪ માં "યક્ષવસતિ" નામના દેશમાં 'ભગવાન મહાવીરની સ્તુતિ કરો', આમ લખ્યું છે, પણ યક્ષવસતિ કોઈ દેશ નથી ચૈત્ય છે એટલે 'દેહરામાં' એમ જોઈએ.

૫. એ જ પૃષ્ઠની પં. ૩૦ માં નેમિનાથના મંદિરમાં ૧૪૭૩ પ્રતિમાઓ હોવાનું જણાવ્યું છે, પણ જોઈએ ૪૧૩. મૂલ ગાથામાં પણ "ચઉસય તેડોતર" આવા શબ્દો છે જેનો અર્થ ચારસો તેર થાય છે. સંપાદકે આ શબ્દોનો 'ચૌદસો તહોતેર' (૧૪૭૩) અર્થ કર્યો છે જે અયથાર્થ છે.

એ ઉપરાંત સંપાદન વિષયક સામાન્ય ભૂલોની તો અમો ઉપેક્ષા જ કરીએ છીએ. અને શ્રીયુત શાહ તથા એ પ્રકારના બીજા અભ્યાસી લેખકોને હિતસૂચના કરવી યોગ્ય ધારીએ છીએ કે સ્વતંત્ર લેખકો થતાં પહેલાં પરતંત્ર લેખકો બનો એટલે ધીરે ધીરે સ્વતંત્ર લેખકની યોગ્યતા મેલવી શકશો.

લેટા (મારવાડ), તા. ૧૬–૧૦–૪૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિ. સં. ૧૭૦૩ માં રાજહર્ષગણિવિરચિત
# ચતુર્વિંશિતિ જિન-સ્તવન

સંગ્રાહક—પૂજ્ય મુનિમહારાજ શ્રી કાંતિસાગરજી સાહિત્યાલંકાર (રાયપુર સી. પી.)

અહીં આપવામાં આવતું સ્તવન વિ. સં. ૧૭૦૩ માં ગણિવાર શ્રી હીરકીર્તિના શિષ્ય રાજહર્ષ ગણીએ નિર્માણ કર્યું છે. આ સ્તવનની વિશેષતા એ છે કે ચોવીસ જિનેશ્વરનાં માતા, પિતા, નામ, લંછન, નગર, આયુષ્ય કાયપ્રમાણ એ સાત બાબતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આની મૂલ પ્રતિ મારા સંગ્રહમાં છે. આ સ્તવન અન્યત્ર અપ્રકટ હોવાથી અહીં પ્રકટ કરવામાં આવે છે.

પણમી સરસતિ વલિ સગુરુ હીયડઈ ધરી, તવું ચઉવીસ જિન સાત બોલા કરી;
નયર નઇ તાત માતા નામ આવરદા, કાય લંછણુ કરી હું નમું સર્વદા. ૧
નયર વિનીતા નાભરાય જાણીયઇ, મરુદેવા કુખિ પ્રભુ રિષભ વખાંણીયઇ;
ધનુષ સય પંચ સમ આઉ લખ ચઉઅસી, વૃષભ લાંછન કહું અતિ ઘણું ઉલસી. ૨
અજોધ્યાનાથ જિતશત્રુ રાજા ભલઉ, વિજયા રાણીયા અજિત ઉર હંસલઉ;
સાઢાચ્યાર સય ધનુષ કાયા કહી, આઉ લખ બિસત્તરિ લંછન ગજ સહી. ૩
સહર સાવત્થીય જિતારિ રાય ભોગવઈ, સેના રાણીયાં સંભવ સુત હુવઇ;
ધનુષ સય ચ્યારની કાય વલિ આઉખઉ, સાઠિ પૂરવ લખ લંછણુ અશ્વ લઉ. ૪
અજોધ્યારાય સંવર સિદ્ધારથા, કુખિ અભિનંદન સો નહી અન્યથા;
સાઢા ત્રિણ્હ સય ધનુષ દેહીગિણું, આઉ પચાસ લખ વાનર લાંછણું. ૫

### ઢાલ

નયર અજોધ્યા અતિ ભલઉ, મેઘરથ મંગલા નારિ રે,
સુમતિ સય કાય ધનુ ત્રિણ્હની, આઉ લખ ચાલ ક્રોંચ વાર રે.
ભવિક જણ જિન નમો ભાવસું, જિમ ગમો ભવ તણો પાય રે,
દુરિય દાલિદ દૂરઈ ગમો, સવિ ટલઈ સોગ સંતાપ રે. ભવિક૦ ૬
કૌસંબી શ્રીધર રાય ઇહાં, સુસીમા પદમ પ્રભુ માઇ રે;
કાય સાઢા વીસૈ ધનુષની, ત્રીસ લખ પંકજ પાઇ રે. ભવિક૦ ૭
શ્રી વણારસી પ્રતિષ્ઠની, પૃથવીય રાણીયા જાસ રે;
સુપાર્શ્વ ધનુષ વિસયતણી, આઉ લખ વીસ સ્વસ્તિ પાસ રે. ભવિક૦ ૮
ચંદ્રપુર મહસેણ લક્ષ્મણા, તસુ સુત ચંદ્રપ્રભુ કાય રે;
દોઢસો ધનુષ વલિ આઉખો, દસ લાખ સસિ રહઇ પાય રે. ભવિક૦ ૯
પુરીય કાકંદી સુગ્રીવની, રાણીય રામાં કુખિ રે;
સુવિધ છઇ કાય સો ધનુષની, દુઈ લખ આઉ મછ સુખ રે. ભવિક૦ ૧૦

### ઢાલ

ભદ્દલપુર તિહાં રાઇ, દઢરથ નંદા માઈ,
કાય સીતલ તણી એ, નેઉ ધનુષની એ;
લખ એક પૂરવ આઉ, શ્રીવછ લંછણુ સાઉ,
નિરખ્યાં મન હરઈ એ, સવિ જન સુખ કરઈ એ. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિંહપુર સિંહ સમાન, વિષ્ણુ રાજા તિહાં જાણુ,
વિષ્ણુ રાંણી વડી એ, અવર ન એવડી એ;
સુત શ્રેયાંસ કહાય, અસીય ધનુષ જસુ કાય,
વરષ લષ ચઉઅસી એ, ષટ્ગી લંછન વસી એ. ૧૨

ચંપા નગરી સાર, વસુપૂજ રાય ઉદાર,
જયાઇ રાણી તણો એ, વાસુપૂજ સુત ભણો એ;
સિત્તરિ ધનુષ જસુ કાય, બહુત્તરિ વરસ લખ આય,
મહિષ લંછન નમો એ, જિમ ભવ દુઃખ ગમો એ. ૧૩

કપિલપુર કરૈ કોડ, કૃતવરમ નહી કાય ષોડ,
સ્યામા ઉર સલહીયઇ એ, વિમલ રાષૌ હીયઇ એ;
ધનુષ સાઠની દેહ, લાખ સાઠ વરસેહ,
સિવપદ પાંમીયો એ, સુયર લંછન કીયો એ. ૧૪

અજોધ્યાપુરીય કહાય, જિહાં થયા બહૂ જિનરાય,
સિંહસેન નર વરુ એ, સુજસા મનહરુ એ;
અનંતકુમર મન જાણુ, પચાસ ધનુષ પ્રમાણ,
ત્રીસ લષ આઉષો એ, સીચાણુ લંછણુ અષો એ. ૧૫

રતનપુરી સિણગાંર, ભાનુ રાજા ભાનુ સારિષો એ,
સુવ્રત રાંણી પ્યાર, શ્રી ધર્મ કુલસસિ પારિષો એ;
પઇતાલીસ ધનુષા માંન, દસ લખ આઉ પ્રભુ ભોગવીએ,
વજ્ર લંછન ગુણ જાણુ, વંછિત પૂરણ સુરગવી એ. ૧૬

હથિણાપુર સિણગાર, વિશ્વસેન અચિરા જાંણીયઈ એ,
સરણાગત સુખકાર, સાંતિ કુંમર મન આંણીયઇ એ;
ઊંચા ધનુષ ચાલીસ, આઉ લાખ વરષાં તણિ એ,
સેવ કરઇ નિસદિસ, મૃગ લંછણુ મતિ અતિ ઘણી એ. ૧૭

ગજપુર નગર ગુણેહ, પૂરો સૂર રાજા ભલોએ,
સિરીયા મન બહુ નેહ, કુંથ કુમર તસુ ગુણનિલો એ;
પઇતીસ ધનુષ જિનરાય, આઉ સહસ પચાણુવૈ એ,
લંછણુ છાગ કહાય, નામૈ જસુ નવનિધ હવૈ એ. ૧૮

અહિપુર નગર અનોપ, રાજા સુદરસણ દિનમણી એ,
દેવી રાંણી દેવી ઓપ, તસ કુષિ અરજિન બુદ્ધિ ધણી એ;
કાય ધનુષ વલિ ત્રીસ, આઉ સહસ અસીયો તણી એ,
નંદાવ્રત જગીસ, લંછણુ જસુ મહિમા ઘણી એ. ૧૯

મિથુલા નગરિ મઝારી, કુંભ ધરણિ પરભાવતી એ,
મલ્લિ જનમ્યા જયકાર, દેહ ધનુષ પચીસ હતી એ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહસ પંચાવન વરસ, આઉ પાલી મુગતઇ ગયા એ,
લંછણ જાસ કલસ, દરસણે વંછિત ફલ લહ્યા રે. ૨૦

**ઢાલ વધાવારી**

રાજગૃહી પુરવર તિહાં, રાય સુમિત્રા હે પદમા ઉરિ અવતાર કે;
મુનિસુવ્રત વીસ ધનુષના, ત્રીસ સહસા એ કાછિંબ લંછણ સાર કે. જિનવર૦ ૨૧

મિથુલા નગરી વિજયની, રાણી વિપ્રા હે અંગજ શ્રી નમિનાથ કે;
કાય ધનુષ પનરા ભણી, દસ સહસા એ પદમ લંછણ જસુ હાથ કે. જિન૦ ૨૨

સોરીપુર સમુદ્રવિજયનો, સિવા રાંણી એ નેમજી પ્રાંણઆધાર કે;
ધનુષ દસ કાયા કહી આઉ સહસા એ, વરસ લંછણ સંખ સાર કે. જિન. ૨૩

વણારસી અસસેણની, વામા રાણી હે જનમ્યા જિન પાસજિણંદ કે;
હાથ નવ તનુ હિત કરુ, સો વરસાં હે લંછણ જાસ ફણંદ કે. જિન. ૨૪

કુંડણપુર રાજા કહ્યાં, સિધારથ હે ત્રિશલાસુત મહાવીર કે;
દેહી કર સાંતાં ભણી, બહુત્તરિ હે લંછણ સીંહ સધીર કે. જિન. ૨૫

ભાવ ભગતિ આણી કરી, નિત નમિયૈ હે જિનવર જે ચોવીસ કે;
અહનિસિ આસ્યા પૂરવઈ, વલિ વંછિત હે પૂરઈ મનહિં જગીસ કે. જિન. ૨૬

**કલશ**

ઈમ તવ્યા જિનવર સયલ સુહકર સમરતાં મંગલ કરો,
વૃષાંક નેત્રાવ્યોમવારિધિચંદ્રમૈ (૧૭૦૩) સંવત્સરો;
ગણિ હીરકીરત્તિ સીસ સુપરઇ **રાજહર્ષ** ઈસુ કહઇ,
જે જે નમૈ નિત ચોવીસ જિનવર સુષ સંપતિ તે લહઇ.

॥ ઇતિ શ્રી ચતુર્વિંશતિ જિનસ્તવનમ્ ॥

**वाचनाचार्य श्रीराजहर्षजीगणि तद्भ्रात् वाचक श्रीमतिहर्षजीगणि तच्छिष्य हर्षचंद्रेण लिपीकृतम् । बो० रिषभदासवाचनार्थम् ॥**

## તળાજાની દુર્ઘટના અંગે રાજ્યની જાહેરાત

ભાવનગર રાજ્યના વડા પોલીસ અધિકારી છેલશંકર વ્યાસે તા. ૫-૧૧-૪૫ થી છ મહિનાની અંદર, તળાજાની દુર્ઘટનાના ગુન્હેગારને પકડી આપનારને અથવા પકડી શકાય એવી પાકી માહિતી આપી પકડાવી આપનારને રૂપિયા પાંચ હજારનું ઇનામ આપવાની જાહેરાત કર્યાના સમાચાર મળ્યા છે.

આ સિવાય તળાજાની દુર્ઘટનાના પ્રકરણમાં બીજી કશી જ નોંધપાત્ર પ્રગતિ થઇ શકી નથી, એ રાજ્યને માટે અને જૈન સંઘને માટે ખેદની બિના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવી મદદ

૧૦૧) પૂ.મુ.મ.શ્રી.દર્શનવિજયજીના સદુપદેશથી જૈન સોસાયટી જૈન સંઘ, અમદાવાદ.

પૂ.મુ.મ.શ્રી વલ્લભવિજયજીના સદુપદેશથી બીકાનેરમાંથી નીચે મુજબ મદદ મળી છેઃ—

૧૦૧) શેઠ ભેરૂદાનજી જુગરાજજી શેઠિયા, બીકાનેર.
૫૧) શેઠ રામલાલજી ભંવરલાલજી કોચર, બીકાનેર.
૫૧) શેઠ કનૈયાલાલજી ગોલેચ્છા, બીકાનેર.
૫૧) શેઠ કનૈયાલાલજી કોચર, બીકાનેર.
૫૧) શેઠ જિનદાસજી કોચર, બીકાનેર.

બીકાનેરમાંથી આ પ્રમાણે મદદ મળી છે અને બીજી મળવાની ઉમેદ છે.

૫૧) પૂ. મુ. મ. શ્રી મેરુસાગરજીના સદુપદેશથી શ્રી સાગર જૈન લાયબ્રેરી, અગાસી.
૫૦) પૂ. આ. મ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના સદુપદેશથી શ્રી જૈન શ્વેતાંબર સંઘ, લુધિયાના.
૨૫) પૂ. આ. મ. શ્રી વિજયજંબૂસૂરિજીના સદુપદેશથી જૈનશાળાનો ઉપાશ્રય, ખંભાત.
૨૫) પૂ. આ. મ. શ્રી વિજયલાવણ્યસૂરિજીના સદુપદેશથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, વઢવાણ કેમ્પ.
૨૫) પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરસૂરિજીના સદુપદેશથી જૈનસંઘ, નવસારી.
૨૫) પૂ. ઉ. મ. શ્રી. ધર્મવિજયજીના સદુપદેશથી જૈન મહાજનની પેઢી, ઊંઝા.
૨૧) પૂ. મુ. મ. શ્રી ધર્મસાગરજીના સદુપદેશથી જૈન સંઘ, ઉદેપુર.
૧૧) પૂ. પં. મ. શ્રી ધર્મવિજયજીના સદુપદેશથી જૈન સોસાયટી જૈન સંઘ, લુણાવા.
૧૦) પૂ. આ. મ. શ્રી વિજયઉમંગસૂરિજીના સદુપદેશથી શાહપુર જૈનસંઘ, અમદાવાદ.
૧૦) પૂ. આ. મ. શ્રી વિજયહર્ષસૂરિજીના સદુપદેશથી લવારની પોળનો ઉપાશ્રય „
૫) પૂ. આ. મ. શ્રી ઋદ્ધિસાગરજીના સદુપદેશથી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પેઢી, વીજાપુર.
૫) પૂ. આ. મ. શ્રી વિજયહિમાચલસૂરિજીના સદુપદેશથી જૈન સંઘ, ધાણેરાવ.
૨) શેઠ તેજરાજજી કસ્તુરચંદજી ઓસવાલ, જમખંડી.

આ મદદના સદુપદેશ માટે અમે પૂ. આચાર્ય મહારાજ આદિ મુનિવરોનો અને મદદ મોકલનાર તે તે જૈન સંઘો અને સદ્ગૃહસ્થોનો આભાર માનીએ છીએ; અને અન્ય ગામોના સંઘોને મદદ મોકલી આપવાની વિનંતી કરીએ છીએ. વ્ય.

## વિનંતી

હવે ચતુર્માસ પૂર્ણ થયું છે એટલે શેષકાળમાં માસિકનો અંક ગેરવલ્લે ન જતાં નિયમિત મળતો રહે તે માટે પોતાનું સરનામું સમયે સમયે જણાવતાં રહેવાની પૂ. આચાર્ય મહારાજ આદિ સર્વ મુનિવરોને અમે વિનંતી કરીએ છીએ. વ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

**(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક**

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

**(૨) દીપોત્સવી અંક**

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

**(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક**

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

**[૧] ક્રમાંક ૪૩-જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.**

**[૨] ક્રમાંક ૪૫-ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.**

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, દસમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

## ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"x૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના ( ટપાલ ખર્ચનો દોઢ આનો ).

—લખો—

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**
**જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.**

મુદ્રકઃ-મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય-અમદાવાદ. પ્રકાશકઃ-ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ-અમદાવાદ.

For Private And Personal Use Only